આજનો સુવિચાર

જીવનમાં જે ચૂકી ગયા હોઈએ તે આપવા માટે ભગવાન જે મોકલે તેનું નામ જ તક

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૨૬ જૂનાગઢ તા.૧૨-૯-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 226, Junagadh : Date : 12 September, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

પાક. કબ્જાગ્રસ્ત કાશ્મીર આપોઆપ ભારતમાં ભળી જશે : પૂર્વ આર્મી ચીફ વી. કે. સિંહનો દાવો

દૌસા તા. ૧૨ : મોદી સરકારમાં મંત્રી અને દેશના પૂર્વ આર્મી ચીફ રિટાયર્ડ જનરલ વીકે સિંહે મોટો દાવો કર્યો છે. જનરલ વીકે સિંહે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર એટલે કે પીઓકેને લઈને આ દાવો કર્યો છે. વી.કે. સિંહે દૌસામાં ભાજપના એક કાર્યક્રમમાં હાજરી આપતાં મીડિયા સાથે વાત કરી હતી. આ દરમિયાન એક પત્રકારે પીઓકેમાં ચાલી રહેલા પાકિસ્તાન વિરોધી પ્રચંડ દેખાવોનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ પત્રકારે જનરલ વીકે સિંહને પૂછ્યું કે પીઓકેના લોકો પીએમ નરેન્દ્ર મોદી પાસે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરને ભારતમાં સામેલ કરવાની માંગ કરી રહ્યા છે, તેના પર તમારી પ્રતિક્રિયા શું છે

પત્રકારના આ સવાલ પર જનરલ વીકે સિંહે પીઓકેને લઈને મોટો દાવો કર્યો છે. જનરલ વીકે સિંહે કહ્યું કે જરા રાહ જુઓ, પોતાની મેળે ભારત આવશે. આજકાલ પીઓકેમાં પાક્સ્તિાન સરકારવિરૂદ્ધ ભારે વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. ત્યાંના લોકોનો આરોપ છે કે પાકિસ્તાન સરકાર પીઓકેના લોકો સાથે ભેદભાવ કરી રહી છે. પીઓકેમાં દરરોજ લોકો રસ્તા પર આવીને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. હાલમાં જ સોશિયલ મીડિયા પર એક વીડિયો પણ વાયરલ થયો હતો, જેમાં એવું ક્હેવામાં આવી રહ્યું હતુ કે PoKમાં એક ઘર પર ભારતીય રાષ્ટ્રધ્વજ લગાવવામાં આવ્યો છે. આ બધાનો ઉલ્લેખ કરીને જનરલ વીકે સિંહને પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. PoK ભારતનો એક ભાગ છે. ૧૯૪૮માં જયારે પાકિસ્તાની સેનાએ આદિવાસીઓના વેશમાં જમ્મુ-કાશ્મીર પર હુમલો કર્યો ત્યારે ભારતીય સેનાએ તેમને હાંકી કાઢવાનું શરૂ કર્યું. આદિવાસી વેશમાં પાકિસ્તાની સેના શ્રીનગરની બહાર પહોંચી ગઈ હતી. આ પછી અચાનક તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરૂ આ મામલાને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં લઈ ગયા. જયાંથી યુદ્ધવિરામનો આદેશ આપવામાં આવ્યો હતો. આ યુદ્ધવિરામના કારણે જયાં પાકિસ્તાની સેના હાજર હતી તે વિસ્તાર પર પાકિસ્તાનનો ગેરકાયદેસર કબજો હતો. તેને પીઓકે ક્હેવામાં આવે છે. ભાજપે હંમેશા પોતાના એજન્ડામાં PoKને ભારતમાં મર્જ કરવાની વાત કરી છે. ગૃહમંત્રી અમિત શાહે પોતે લોકસભામાં કહ્યું છે કે તેઓ PoKને ભારત પરત લાવવા માટે પોતાનો જીવ આપવા તૈયાર છે.

શેરબજારમાં તેજીનું ઘોડાપુર : સેન્સેકસ નવો રેકોર્ડ બનાવશે

મુંબઈ તા.૧૨

ભારતીય શેરબજારે ફરીએક વખત રેકોર્ડબ્રેક તેજીનો માર્ગ પકડયો છે અને નવી ઉંચાઈ સર કરવા લાગ્યુ છે. નિફટીએ ૨૦૦૦૦ની ઐતિહાસિક સપાટી વટાવી લીધી છે અને હવે સેન્સેકસ પણ નવી ટોચે પહોંચવાના માર્ગે છે. સેન્સેકસ આજે પ્રારંભીક કામકાજમાં ૬૭૫૩૯ના સ્તરે પહોંચ્યો હતો અને સર્વોચ્ચ સપાટીથી માત્ર ૮૦ પોઈન્ટ જ દુર રહ્યો હતો.

વિશ્વસ્તરે આર્થિક મંદી- સ્લોડાઉન- મોંઘવારી- ઉંચા વ્યાજદર જેવા અનેકવિધ ઘટનાક્રમોની ચિંતા છતાં ભારતીય અર્થતંત્ર ધબકતુ-ધમધમતુ હોવાથી અને આવનારા વર્ષો ભારતના જ બની રહેવાના છે. આશાવાદ શેરબજાર રેકોર્ડબ્રેક તેજીમાં આવ્યું છે. રીટેઈલ ઈન્વેસ્ટરો અબજો રૂપિયા ઠાલવી રહ્યા છે. વિદેશી નાણાં સંસ્થાઓ જંગી વેચાણ કરતી હોવા છતાં કોઈ વિપરીત અસર નથી.

ગુજરાતમાં દુબઈ - સીંગાપુર જેવું અતિ આધુનિક પોર્ટ સીટી બનાવવા તૈયારી

નવી દિલ્હી, તા.૧૨: વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ ૨૦૨૪ પહેલા ગુજરાત મેરીટાઈમ બોર્ડ (જીએમબી)એ દુબઈ અને સીંગાપુર જેવા વૈશ્વિક મેરીટાઈમ હબ જેવું પોર્ટ સીટી બનાવવાનો મહત્વાકાંક્ષી પ્રોજેકટ પુનર્જીવિત કર્યો છે.

એક દાયકાથી પણ વધારે સમય પહેલા જીવીકે ગ્રુપ દ્વારા એક પોર્ટ સીટી બનાવવાનો પ્રસ્તાવ આવ્યો હતો. આ પ્રોજેકટનો પ્રસ્તાવ પહેલા દહેજમાં અને પછી તેની ફેરવીને દ્વારકા નજીક ઓખા મઢી ખાતે બનાવવા માટે હતો. જો કે આ પ્લાન પછી અભેરાઈએ ચડી ગયો હતો અને તેના પર ધૂળ જામી ગઈ હતી. એ વખતે જીવીકેએ મલેશીયાના વાયટીએલ કોર્પોરેશન સાથે આ પ્રોજેકટ બાબતે વાતચીત પણ શરૂ કરી હતી. તેમ અહેવાલ જણાવે છે.

ગત મોડી રાત્રે આસામ સહિત પૂર્વોત્તર રાજયોમાં ભુકંપનો આંચકો

નવી દિલ્હી : ગતરાત્રે આસામ સહિત પૂર્વોત્તરના ઘણા રાજયોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. મોડી રાત્રે લગભગ ૧૧.૦૧ ક્લાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, રિકટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૫.૧ માપવામાં આવી હતી. ભૂકંપ બાદ લોકો ઘરની બહાર આવી ગયા હતા. જો કે જાન-માલના નુકસાનના સમાચાર નથી.

૧૮ સપ્ટેમ્બરથી સંસદનું પાંચ દિવસનું વિશેષ સત્ર : ભારે સસ્પેન્સ

સંસદનાં વિશેષ સત્ર બાબતે કોઈ સત્તાવાર માહિતી નથી : કાશ્મીરને પુર્નઃ રાજયનો દરજજો અપાશે ? ઈન્ડીયાનું નામ બદલીને ભારત કરાશે ? કે મહિલા અનામતનો મુદો આવશે ?

નવી દિલ્હી તા.૧૨

દેશમાં જી-૨૦ના જબરા ડિપ્લોમેટીક ઈવેન્ટની સમાપ્તી સાથે જ ફરી એક વખત આગામી દિવસોમાં જોવા મળનારા રીયલ-પોલીટીકસ પર હવે ધ્યાન કેન્દ્રીત થવા લાગ્યુ છે તે સમયે તા.૧૮થી પ્રારંભ થનારા સંસદના પાંચ દિવસના ખાસ સત્રમાં મોદી સરકાર કયું મોટુ આશ્ચર્ય સર્જશે અને ખાસ કરીને સંગઠીત થવા માંગતા વિપક્ષોને એક જબરો આંચકો આપશે તેવા સંકેત છે.

સરકારે કોઈ ખાસ અને જાહેર કારણ વગર જ સંસદનું પાંચ દિવસનું સત્ર બોલાવ્યું છે જેમાં પ્રથમ નવા સંસદ ભવનમાં ગણેશ ચતુર્થીના પ્રવેશનું મુર્હુત સાચવવાનો પ્રયાસ છે

સંસદીય બાબતોના મંત્રી પ્રહલાદ જોષીએ સંસદના ખાસ સત્રની જાહેરાત કરી પણ એજન્ડાનું સસ્પેન્સ જાળવી રાખ્યું છે. સાથોસાથ એક દેશ એક ચુંટણી મુદે પુર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અધ્યક્ષપદ હેઠળ કમીટી નીમીને તે મુદો ગાજતો કરી દીધો છે તો હવે ‘ઈન્ડીયા’ અને ભારતની ચર્ચા છે. સરકારે તો ભારત શબ્દનો ઉપયોગ શરૂ પણ કરી દીધો છે અને તેથી આ મુદાઓએ કયા મુદાઓ ખાસ સત્રમાં આવશે કે કેમ તેની ચર્ચા છે. જો કે આ અંગે ભાજપના ટોચના નેતાગીરીમાં પણ જબરો સસ્પેન્સ છે. બહુ ઓછા લોકો સુધી આ સત્રની માહિતી હતી અને ચર્ચા એ છે કે રાજય સરકાર જમ્મુ-કાશ્મીરને ફરી રાજયનો દરજજો આપી શકે છે પણ પક્ષના અનેક નેતાઓ માને છે કે ચંદ્રયાન-૩થી જી-૨૦ની સફળતા અને મહિલા અનામત ખરડાથી લઈને ઓબીસી અનામત સહિતના મુદાઓ પર સરકાર ચર્ચાનો દૌર મુકીને ચુંટણી નેરેટીવ બનાવીને વિપક્ષોને મહાત કરી દેશે. ખાસ કરીને જી-૨૦ સહિતના મુદે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જે વૈશ્વિક ઈમેજ બની છે તેને હવે દેશમાં ‘વિરાટ-દર્શન’ મારફત મતદારોની સામે રજુ કરાશે. સરકાર આ ઉપરાંત આત્મનિર્ભર ભારત માટેના પણ અનેક પગલાઓની જાહેરાત કરી શકાશે.

દેશનાં ૧૨ રાજયોમાં લોકસભાની સાથે જ વિધાનસભાની ચૂંટણી યોજાશે ?

નવી દિલ્હી તા. ૧૨

આગામી વર્ષે યોજાનારી લોકસભાની ચૂંટણી પહેલા ચૂંટણી પંચની ટીમે પશ્ચિમ બંગાળની મુલાકાત લીધી હતી. અહીં તેમણે રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી સાથે બેઠક યોજી હતી. આ ઉપરાંત ચૂંટણીપંચની ટીમે પશ્ચિમ બંગાળનાં તમામ જિલ્લાના ડીએમ સાથે બેઠક યોજી હતી.

દરમિયાન, મમતા બેનર્જીએ તેમના કેબિનેટના લગભગ અડધો ડઝન મંત્રીઓના વિભાગોમાં મોટા ફેરફારો કર્યા છે.સરકાર દેશના લગભગ ૧૨ રાજયોની વિધાનસભા ચૂંટણીઓ લોકસભા ચૂંટણીની સાથે એકસાથે કરાવવા પર વિચાર કરી રહી છે.

પશ્ચિમ બંગાળની મુલાકાતે આવેલા ચૂંટણી પંચના બે વરિષ્ઠ નાયબ ચૂંટણી કમિશનર ધર્મેન્દ્ર શર્મા અને નીતિશ કુમાર વ્યાસે પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારી (સીઈઓ) અરિઝ આફતાબ સાથે મતદાર યાદીના વિશેષ સારાંશ સુધારણા અને ચૂંટણીના સંચાલન અંગે ચર્ચા કરી હતી. રાજયમાં ૨૦૨૪ની લોકસભા ચૂંટણીની તૈયારીઓ અંગે સમીક્ષા બેઠક કરી હતી. સમીક્ષા બેઠકમાં ઘણા જિલ્લાઓના જિલ્લા મેજિસ્ટ્રેટ અને અન્ય નિયુક્ત ચૂંટણી અધિકારીઓ પણ ભાગ લઈ રહ્યા છે.

ખાદ્ય મોંઘવારી, શિક્ષણ અને સ્વાસ્થય ખર્ચ વધવાથી લોકો ભારે મુશ્કેલીમાં

નવી દિલ્હી તા. ૧૨ : કમરતોડ મોંઘવારીએ સામાન્ય ભારતીયોની મુશ્કેલીઓ વધારી દીધી છે. ખાસ કરીને રોજીંદી ઉપયોગની ચીજવસ્તુઓના ભાવમાં વધારાને કારણે લોકોની ચિંતા વધી રહી છે. આ ઉપરાંત આરોગ્ય અને શિક્ષણ પાછળ થતા ખર્ચમાં વધારો પણ મુશ્કેલીનું કારણ બની રહ્યો છે.

SBI લાઈફ ઈન્સ્યોરન્સે ફાઈનાન્શિયલ ઈમ્યુનિટી સ્ટડીની ત્રીજી આવૃત્તિ બહાર પાડી છે. આ અભ્યાસ અનુસાર, ૪૩ ટકા લોકોએ સ્વીકાર્યું કે રોજિંદા વપરાશની વસ્તુઓના ભાવમાં વધારો તેમની ચિંતાનું મુખ્ય કારણ છે. આ ૪૩ટકા ગ્રાહકો માને છે કે વર્તમાન આર્થિક વાતાવરણમાં મોંઘવારી ચિંતાનું સૌથી મોટું કારણ બની રહી છે. આ સર્વે જૂન ૨૦૨૩માં પૂર્ણ થયો છે. સર્વેમાં ભાગ લેનારાઓમાં ૩૬ ટકાએ આરોગ્ય ખર્ચમાં વધારો, ૩૫ ટકાએ શિક્ષણ ખર્ચમાં વધારો, ૨૭ટકાએ મંદી અને તેની અસરો, ૨૪ ટકા નબળી માનસિક સ્થિતિ, ૨૪ટકા શારીરિક સ્વાસ્થ્યની સ્થિતિ, ૨૩ ટકાએ નોકરી ગુમાવવાનો ડર અને ૧૯ ટકાએ પર્યાપ્ત જીવનનો અભાવ હોવાનું જણાવ્યું હતું. અને આરોગ્ય વીમાને ચિંતાનું કારણ ગણાવ્યું છે.

મનીકંટ્રોલ અનુસાર, SBI લાઈફ ઈન્શ્યોરન્સે આ અભ્યાસ ડેલોઈટ ઈનડિયા સાથે મળીને કર્યો છે જેમાં દેશના ૪૧ શહેરોમાં ૫૦૦૦ લોકોના પ્રશ્નોના જવાબ આપવામાં આવ્યા હતા. અહેવાલ મુજબ, જે લોકો સાથે વાત કરવામાં આવી હતી તેઓ સહમત હતા કે આ પડકારોનો સામનો કરવા માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે.સર્વેના સહભાગીઓએ જણાવ્યું હતું કે લોકો તેમની વાર્ષિક આવકના ૫૨ ટકા તેમના નાણાકીય સ્વાસ્થ્યને મજબૂત કરવા માટે ખર્ચી રહ્યા છે. જેમાંથી ૧૭ ટકા બચત પર, ૧૧ ટકા જીવન વીમા અને ૮ ટકા જીવન વીમા પાછળ ખર્ચવામાં આવે છે.

ચકચારી ઓગણજ લુંટ કેસમાં ગુજરાત હાઈકોર્ટનો મહત્વનો નિર્દેશ

યુનિફોર્મ - નેમપ્લેટ વગર પોલીસ રાત્રે ડયુટી નહી કરી શકે

અમદાવાદ તા. ૧૨

અમદાવાદમાં બનેલ ઓગણજ લૂંટ કેસ મામલે ગુજરાત હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી છે. હાઈકોર્ટે આ કેસમાં વધુ સુનાવણી દરમિયાન પોલીસને મહત્વપૂર્ણ નિર્દેશ કર્યા છે. હાઈકોર્ટે કહ્યું હતુ કે પોલીસ એરપોર્ટ, રેલવે સ્ટેશન જેવી જગ્યાઓએ ફરજિયાત યુનિફોર્મ પહેરશે. તેમજ યુનિફોર્મ પર ફરજિયાત નેમપ્લેટ લગાવેલી હોવી જોઈએ. યુનિફોર્મ અને નેમપ્લેટ વગર પોલીસ રાત્રે ડ્યુટી નહીં કરી શકે. તથા મહિલાઓ માટે સ્પેશિયલ સુરક્ષાની જરૂર હોવાનું હાઈકોર્ટને લાગ્યું હતુ. જેથી મહિલા પોલીસ ઓફિસરને પણ રાત્રે ડ્યુટી સોંપવા જણાવ્યું હતું. કોર્ટે પોલીસને મહિલા ઓફિસરોની સુરક્ષાનું ધ્યાન રાખવા પણ ટકોર કરી હતી. સાથે જ આવનારા સમયમાં આવતા તહેવારોને લઈને પોલીસને નાગરિકોની સુરક્ષા વ્યવસ્થા સઘન કરવા જણાવ્યું હતું.

ગુજરાતના બીજા શહેરોમાં આ પ્રમાણે કામગીરી કરાશે કે કેમ? તે અંગે સરકારને રિપોર્ટ આપવા કોર્ટે કહ્યું હતુ. સાથે જ આ ઘટનામાં નિયત સમયમાં ઈન્કવાયરી પૂર્ણ કરવા કોર્ટે પોલીસને જણાવ્યું હતું. કોર્ટે આ કેસમાં નોંધ્યુ છે કે આ ઘટનામાં રક્ષક જ નાગરિકો માટે ભક્ષક બન્યા છે. સાથે જ પીડિતને આર્થિક વળતર આપવાની વાત પણ થઈ હતી. તો ફરિયાદીની પત્નીએ હેલ્પલાઈન આપવા અંગે સૂચન કર્યુ હતું. જેના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે દરેક ટેકસીમાં ડ્રાઈવર સીટની પાછળ હેલ્પલાઈન નંબર લખેલો જ હોય છે. નાગરિકોની સુરક્ષાને લઈને તેમજ પોલીસના તેમની સાથેના વ્યવહારની ટૂંકી ગાઈડલાઈન સાથે વધુ સુનાવણી ૨૦ સપ્ટેમ્બરે હાથ ધરવામાં આવશે.

કેરળમાં નિપાહ વાયરસથી બેનાં મોત : એલર્ટ

કોચી, તા.૧૨: કેરળના કાલિકટમાં ખતરનાક નિપાહ વાયરસના બે શંકાસ્પદ કેસ મળ્યા બાદ ભારે ગભરાટ ફેલાયો છે. અહીં તાવના કારણે બે લોકોના મોત થયા છે. નોંધનીય બાબત એ છે કે બંનેના મોત એક જ ખાનગી હોસ્પિટલમાં થયા છે. આ સિવાય મૃતકના એક સંબંધીની પણ હાલત ગંભીર છે. દર્દીઓના ટેસ્ટના પરિણામો હજુ આવ્યા નથી. જોકે, નિષ્ણાતોનું ક્હેવું છે કે દર્દીઓમાં નિપાહ વાયરસ જેવા લક્ષણો જોવા મળ્યા હતા.

કેરળમાં ૨૦૧૮ માં પ્રથમ નિપાહ વાયરસ ચેપની પુષ્ટિ થઈ હતી. WHO અનુસાર, નિપાહ એક વાયરસ છે જે પ્રાણીઓમાંથી ઉત્પન્ન થાય છે. આ વાયરસને NiV તરીકે પણ ઓળખવામાં આવે છે. તે પ્રાણીઓ અને મનુષ્ય બંનેનો શિકાર કરે છે. કહેવાય છે કે આ વાયરસ ફ્રુટ બેટમાંથી પેદા થયો છે.

મહારાષ્ટ્રનાં મરાઠાવાડામાં ૬૮૫ ખેડૂતોએ આત્મહત્યા કરી હોવાનો અહેવાલ

મુંબઈ, તા.૧૨:

મહારાષ્ટ્રના મરાઠવાડા વિસ્તારમાં ખેડૂતોની મુશ્કેલીઓ ઓછી થવાના સંકેત દેખાઈ રહ્યા નથી. ખરાબ પાક, લોનની ચુકવણીના દબાણ અને નબળી આર્થિક સ્થિતિને કારણે એકલા વર્ષ ૨૦૨૩માં ૬૮૫ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. આશ્ચર્યની વાત એ છે કે આ આંકડો માત્ર ૩૧ ઓગસ્ટ સુધીનો છે, જેના કારણે અધિકારીઓ અને સરકારની ચિંતા વધી ગઈ છે.

એકસત્તાવાર અહેવાલ મુજબ, સૌથી વધુ મળત્યુ બીડ જિલ્લામાં થયા છે, જ્યાં અત્યાર સુધીમાં ૧૮૬ ખેડૂતોના મોત થયા છે. બીડ એ મહારાષ્ટ્રના વર્તમાન કૃષિપ્રધાન ધનંજય મુંડેનો હોમ જિલ્લો છે.

મધ્ય મહારાષ્ટ્રના આ સૂકા પ્રદેશમાં આઠ જિલ્લાઓ છે જેમાં ઔરંગાબાદ, જાલના, બીડ, પરભણી, નાંદેડ, ઉસ્માનાબાદ, હિંગોલી અને લાતુરનો સમાવેશ થાય છે. અહીંના ડિવિઝનલ કમિશનરની ઓફિસના અહેવાલ મુજબ, મરાઠવાડામાં ૧ જાન્યુઆરી, ૨૦૨૩થી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૩ વચ્ચે ૬૮૫ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. તેમાંથી ૨૯૪ લોકોએ ચોમાસાના મહિનાઓ એટલે કે જૂન અને ઓગસ્ટ વચ્ચે પોતાનું જીવન ટુંકાવી નાખ્યું હતું.

હેલ્થ વીમો છે,
તો પણ હોસ્પિટલનું બિલ ભરશો?
વોકહાર્ટ કેશલેસ..રહો ફિકરલેસ
વધુ માહિતી માટે :
95861 44344
WOCKHARDT HOSPITALS
LIFE WINS

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટે છે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફક્ત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાય છે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ૐ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

શ્રાવણ માસના અંતિમ સોમવારે સોમનાથ મહાદેવને શીશ ઝુકાવવા ઘોડાપુર ઉમટયુ, અડધા લાખથી વધુ ભક્તોએ દર્શન કર્યા

(રાકેશપરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૨

પવિત્ર શ્રાવણના છેલ્લા સોમવારે યાત્રાધામ સોમનાથ ખાતે શિવભક્તોનો માનવ મહેરામણ ઉમટ્યો હતો અને સવારે તથા સાંજની આરતીમાં જય સોમનાથનો પ્રચંડનાદ ગુંજી ઉઠ્યોહતો. આજે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ તેમજ પૂર્વ ઉપમુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સહીતના મહાનુભાવોએ સોમનાથ મહાદેવના દર્શન પૂજન કરી મહાદેવની ધ્વજા પૂજા અને સોમેશ્વરપૂજા કરી ધન્યતા વ્યક્ત કરીહતી. હિન્દુ સંસ્કૃતિમાંચંદન શાંતિનાપ્રતિક માનવામાંઆવતું હોય ત્યારે આજે સોમનાથ મહાદેવને વિશ્વશાંતિની પ્રાર્થના સાથે ચંદન દર્શન શ્રૃંગાર કરવામાં આવેલ તેમજ અન્નકુટ મહાભોગ ધરાવવામાંઆવેલ હતો.

શ્રાવણ ના અંતિમ સોમવારે ભક્તો હરિહર ની પાવન ભૂમિ સોમનાથમાં આરાધ્ય દેવ સોમનાથ ના દર્શનપૂજન અર્ચન માટે બહોળી સંખ્યામાં ઉમટી પડ્યા હતા, સાયં આરતી સુધીમાં અંદાજે ૪૦ હજારથી વધુ ભક્તોએ સોમનાથ મહાદેવના દર્શનકરી ધન્ય બન્યા હતા. સાથે જ પુજાવિધિમાં ૫૨ ધ્વજાપૂજન-ધ્વજારોહણ, ૪૫ સોમેશ્વર મહાપૂજન, ૬૨૦ રૂદ્રાભિષેક, ૯૦૦જેટલા પરીવારોએશ્રાવણ માસ પર્યન્ત ચાલતા મહામૃત્યુંજય યજ્ઞનો લાભ લઈ ૨૦હજારખી વધુ આહુતી અર્પણ કરી ધન્ય બન્યા હતા. શ્રાવણના અંતિમ સોમવારે સોમનાથ મહાદેવના નિશ્રામાં ૨૭૬૧ જેટલી વિવિધ પૂજાવિધિ કરવામાં આવેલ હતી.

શ્રાવણ કૃષ્ણ બારસના અવસર પર સોમનાથ મહાદેવને વિશેષ ચંદન દર્શન શ્રૃંગાર કરવામાં આવેલ જેમાં મહાદેવને ચંદનનોલેપ લગાવી ૧૦૦ કિલો જેટલા પુષ્પોથી સુશોભન કરવામાં આવ્યું હતું. હિન્દુ સંસ્કૃતિમાં ચંદન શાંતિના પ્રતિક માનવામાં આવે છે. મહાદેવને ચંદન અર્પણ કરવાથી ભકતોને મહાદેવ શાંતિ અને સમૃદ્ધિના આશીર્વાદ આપે છે. ત્યારે સોમનાથ મહાદેવને વિશ્વશાંતિની પ્રાર્થના સાથે ચંદન દર્શન શ્રૃંગાર કરવામાં આવ્યો હતો. સાથે જ સોમનાથ મહાદેવને અન્નકુટ મહાભોગ ધરાવવામાં આવેલ હતો.

પ્રથમજ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શને શ્રાવણના અંતિમ સોમવારે ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ આવેલ જેઓનું સોમનાથ ટ્રસ્ટ તરફથી ટ્રસ્ટી પી.કે.લેહરી એ સ્વાગત કર્યું હતું. રાજયપાલ આનંદીબેન પટેલ સહપરિવાર સોમનાથ મહાદેવના દર્શન અને અભિષેક કર્યા હતા. સાથે જ સોમનાથ મહાદેવની સોમેશ્વર મહાપૂજા અને ધ્વજા પૂજા કરી હતી. આ તકે સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા દ્વારા સોમનાથ મહાદેવનું સ્મૃતિચિત્ર અને પ્રસાદ કીટ રાજયપાલને ભેટ આપવામાં આવ્યાહતા.

સ્થાનીક સ્વરાજ્યની સંસ્થાઓમાં બીજી ટર્મના ઉમેદવારોમાં નો રીપીટ થિયરી મુજબ નવા શિક્ષિત યુવાઓને તક અપાઈ : નિતીન પટેલ

(રાકેશપરડવા દ્વારા) વેરાવળ, તા.૧૨ : આ ઉપરાંત પૂર્વ ઉપમુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે સોમનાથ મહાદેવને શીશ ઝુકાવી દર્શન કર્યા હતા. બાદમાં નિતીન પટેલે પત્રકારોને જણાવ્યુ હતુ કે, પ્રથમ જ્યોતિર્લિંગએવા સોમનાથ મહાદેવના તીર્થમાં ભારે વિકાસ થયો છે ભારે ટ્રાફિક હોવા છતાં અહીં કોઈપણ જાતની યાત્રિકોને તકલીફ પડતી નથી. જયારે ભાજપ દ્વારા આગામી લોકસભાની ચૂંટણીમાં નો રીપીટની થિયરી અમલ કરવાની ચાલી રહેલ ચર્ચાઓ અંગે જણાવેલ કે, નો રીપીટ થિયરીથી પક્ષમાં કેટલાક લોકોને અસંતોષ પણ હોઈ શકે છે પરંતુ પાર્ટીની સીસ્ટમાં સંગઠનનું કામ કરવું એ સૌ કાર્યકારોથી લઈને હોદેદારોની ફરજ છે. હાલ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે રાજ્યની પાલીકાઓ, તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયતોમાં બીજી ટર્મ માટે પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેન પદ માટે "નો રીપીટ" થીયરી અપનાવાનો નિર્ણય કર્યો હતો. તે મુજબ ઉપરોકત સંસ્થાઓમાં પ્રથમ ટર્મ રહેલા ત્રણેય પદ ઉપરના હોદેદારોની રીપીટ કર્યાનથી અને તેઓની જગ્યાએ નવા શિક્ષિત યુવાઓને પસંદ કરવાની કામગીરી પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં કરી છે. જેની જાહેરાત થયે તમો અનુભૂતિ પણ કરશો.

જૂનાગઢ : તળાવ દરવાજે ટ્રાફીક જામ

જૂનાગઢ તા. ૧૨ : જૂનાગઢ શહેરની ટ્રાફીક સમસ્યા દિવસે ન વધે તેટલી રાત્રે વધે છે એમ કહી શકાય કે આ શહેરનાં મુખ્ય માર્ગો ઉપર સતત ટ્રાફીક રહેતો હોય છે. પ્રસ્તુત તસ્વીર આજે સવારે જૂનાગઢના તળાવ દરવાજા વિસ્તારમાં ટ્રાફીક જામ થયો હતો અને વાહન ચાલકોને ટ્રાફીક કલીયર થાય તેની પ્રતિક્ષા કરવી પડી હતી. જો કે ફરજ ઉપર તૈનાત જવાનો દ્વારા ટ્રાફીક નિયમન માટે ખુબ સરસ કામગીરી ચાલી રહીછે. પરંતુ પ્રગતિનાં પ્રયાય બની ગયેલા શહેરમાં વાહન ચાલકોની અવરજવર પણ સતતને સતત વધતી જતી હોય, રસ્તા સાંકળા, કયાંક મુખ્ય ચોકમાં ચારે દિશામાંથી આવતા પ્રવાહને કારણે પણ ટ્રાફીકની સમસ્યા ઉદભવતી હોય છે.

બિલખામાં પીએસઆઈ તેમજ સ્ટાફ દ્વારા ચાલીને પેટ્રોલીંગ કરાતા કાયદો-વ્યવસ્થા જડબેસલાક

(સુલતાન ચૌહાણ દ્વારા)

જૂનાગઢ તા. ૧૨

બિલખાના પીએસઆઈ રાજેન્દ્રસિંહ ચુડાસમા અને સમગ્ર સ્ટાફ દ્વારા છેલ્લા એક માસથી સતત ૨૪ કલાક ચાલીને અને બાઈકલઈને પેટ્રોલીંગ કરવામાં આવી રહયું છે. જેના પરિણામે બિલખામાં કાયદો અને વ્યવસ્થા જડબેસલાક જોવા મળી રહી છે. આથી વિશેષ સાતમ આઠમના તહેવારોમાં પણ પોલીસે ચુસ્ત બંદોબસ્ત જાળવતા લોકોએ શાંતિભર્યા વાતાવરણમાં મન ભરીને તહેવારોની મજા માણી હતી. આમ પોલીસની સુંદર કામગીરીને કારણે લોકોમાં આનંદની લાગણી જોવા મળેછે.

દ્વારકાના ભાગીરથી ગંગા એકાદશ રૂદ્ર મહાદેવ મંદિરે આજરોજ બાબા અમરનાથના દર્શનનું ભવ્ય આયોજન

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૧૨

પુજારી ભગવતપ્રસાદ પાઢ તથા સેવકો ધવલ જટણીયા, મનિશજોષી, રાકેશ સામાણી, પરેશ દતાણી કનૈયાલાલ પાઢ, જયકર દવે, હિમાંશુ ઠાકર તથા તમામ સેવક દ્વારા આજે સાંજે ૫:૦૦ કલાકે બાબા અમરનાથના દર્શનનું ભવ્ય આયોજન કરેલ હોય જેથી તમામ ભક્તોએ દર્શનનો લાભ લેવા નિમંત્રણ પાઠવેલ છે. મહા આરતી બાદ આરતી સમાપન તથા પુષ્પાંજલીનું આયોજન કરાયું છે.

સાત વર્ષના બાળકની શિવજી પ્રત્યે ભકિત

(પ્રતિનિધિદ્વારા) જૂનાગઢ તા.૧૨

પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન જૂનાગઢના સાત વર્ષના બાળક નમ્ર જાનીએ નીલકંઠ મહાદેવને સવારે ચાર વાગે ઉઠી ૧૦૦૦ કમળ અર્પણ કર્યાહતા અને ભગવાન શિવજીપ્રત્યે તેમની ભકિત દર્શાવી છે.

કેશોદના મંગલપુર નજીક સમાધાન માટે બોલાવી હુમલો : પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૨

કેશોદ તાલુકાના અગતરાય ગામે રહેતા સમીરભાઈ અમુભાઈ જાદવ(ઉ.વ.૩૫)એ શબીર સુલેમાન સોઢા વિરૂધ્ધ પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદીને સંગીતા નામની યુવતી સાથે પ્રેમસંબંધ હોય અને આરોપીને પણ તેની જ સાથે પ્રેમસંબંધ હોય આ દરમ્યાન આ અંગેની જાણ આરોપીને થતા આરોપીએ ફરિયાદીને અવાર-નવાર માણસો વચ્ચે હેરાનપરેશાન કરતા હોય તેમજ આ કામના ફરિયાદી સમીરભાઈએ શબીર સુલેમાનને સમાધાન કરવા બોલાવતા આરોપીએ ફરિયાદીને જ્ઞાતી પ્રત્યે હડધુત કરી ઢીકાપાટુનો માર મારી ઈજાકરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા કેશોદના નાયબ પોલીસ અધિકારી બી.સી. ઠક્કર વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ભાણવડના ફોટડી ગામે નિદાન કેમ્પનું આયોજન

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના મોરઝર રોડ ઉપર આવેલા ફોટડી પાસેના ખેતલા દાદાના સ્થાનક ખાતે બુધવાર તારીખ ૧૩ મીના રોજ સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી સર્વરોગ નિદાન સારવાર કેમ્પ તેમજ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં નિષ્ણાત તબીબો દ્વારા આયુર્વેદ તથા હોમીઓપેથી પદ્ધતિથી નિદાન કરી, નિઃશુલ્ક સારવાર કરવામાં આવશે. સાથે-સાથે આ કેમ્પમાં યોગ શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આયુર્વેદ શાખાના યોગ નિષ્ણાંત દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓને યોગ અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે. પોષણ માસ અંતર્ગત કુપોષિત બાળકો માટે વિશેષ સારવારની યોજના પણ કરવામાં આવી છે.

શ્રાવણ વદ ચૌદસને બુધવાર આવતીકાલથી આરાવારાની શરૂઆત થશે

આ વર્ષે શ્રાવણ મહિના મા અમાસ ની વૃદ્ધિ તિથિ હોતા ચૌદસના દિવસ થી આરાવારાની શરૂઆત થશે આરવારામાં લોકો પિતૃઓને પીપળે ત્રણ દિવસ સુધી પાણી રડે છે આ વર્ષે પંચાંગ પ્રમાણે બુધવાર ગુરૂવાર અને શુક્રવાર આ ત્રણ દિવસ આરાવારાના ગણાશે.

તે ઉપરાંત ગુરુવારે અમાસની વૃદ્ધિ તિથિ છે શુક્રવારે સવારના ૭.૧૦ મિનિટ સુધી અમાસ તીથી છે સૂર્યોદય સમયે અમાસ તીથી. હોતા શુક્રવારે પણ અમાસ ગણાશે અને શનિવાર થી ભાદરવા મહિના ની શરૂઆત થશે ગુરુવારે ધાર્મિક વિધિ કરવા ની અમાસ તથા કુશ ગ્રહિની તથા પિઠોરી અમાસ છે કુશ એટલે ડભરો આ દિવસે લોકો ડભરો ખેતર માંથી તોડી તેનો સંગ્રહ કરી અને આખું વર્ષ વાપરે છે જોકે આ પહેલાના જમાનામાં થતુ.

પીઠોરી અમાસ એટલે આ દિવસે ની સંતાન બહેનો સંતાન પ્રાપ્તિ માટે વ્રત રહે છે તે ઉપરાંત જે લોકોને સંતાન છે તેઓ પણ આ દિવસે સંતાનના લાંબા આયુષ્ય માટે અને સુખ-શાંતિ માટે વ્રત રહે છે જોકે આ વ્રતમાં લોટના પિંડમાંથી ૬૪ દેવી દેવતાઓને મૂર્તિ બનાવી અને તેનો પૂજન કરવામાં આવે છે આથી જ તેને પીઠોરી અમાસ કહેવામાં આવે છે.

(શાસ્ત્રી રાજદીપ જોષી-વેદાંતરત્ન)

સમાજમાં શિક્ષણનું સ્તર જેમ વધશે તેમ સમાજ સમૃધ્ધ બની જશે

સોમનાથમાં તાલુકા કોળી સમાજનો વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

(રાકેશપરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૨

વેરાવળમાં તાલુકા કોળી સમાજનો દસમો તાલુકા કક્ષાનો તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ ઐતિહાસિક રીતે યોજાયો હતો. આ વખતે ધો.૧૦/૧૨ કે તેથી ઉપરની ફાઈનલ ડીગ્રીની પરીક્ષાઓમાં ઉંચી ટકાવારી લાવેલ અને ગર્વમેન્ટ નોકરીમાં નિમણૂક પામેલા, પ્રમોશન મેળવનાર તથા વિવિધ ક્ષેત્રોમાં રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાએ સિધ્ધી પ્રાપ્ત કરનારા રેકોર્ડ બ્રેક સૌથી વધુ ૨૭૪ તેજસ્વી તારલાઓને આગેવાનોના હસ્તે શિલ્ડ, સન્માનપત્ર, વિવિધ શૈક્ષણિક વસ્તુઓને ઈનામોની કીટ આપી બહુમાન કર્યુહતુ.

આ સમારોહમાં અખિલ ભારતીય કોળી સમાજના અધ્યક્ષ એવા કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, ઈસરોના વૈજ્ઞાનિક નિલેશભાઈ મકવાણા, એમપીના કલાસ વન અધિકારી બચુદેવ શાકય, સોમનાથના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા સહિતનાએ ઉદબોધનમાં જણાવેલ કે, કોઈપણ સમાજને પ્રગતિ કરવી હોય તો તેના પાયામાં શિક્ષણ અને શિક્ષિત હોવું જરૂરી છે એટલે સમાજમાં જેટલા વધુ બાળકો શિક્ષણ મેળવશે તે સમાજ એટલો સમૃધ્ધ બનશે. ત્યારે સમાજમાં કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય તેનું ધ્યાન રાખવું સૌ ની જવાબદારી છે. સમાજમાં શિક્ષણનું સ્તર વધશે તેમ કુરીવાજોને આપોઆપ તિલાંજલી મળશે. ત્યારે કોળી સમાજમાં શિક્ષણનું સ્તર વધે તેવા સામુહિક પ્રયાસ કરવાનો સુર વ્યક્ત કર્યો હતો. આ સમારોહ અંગે આયોજક ટીમના રમેશભાઈ કેશવાલાએ જણાવેલ કે, રાજયમાં સૌથી સારું અને મોટુ સફળ આયોજન પૈકીનું એક આયોજન સોમનાથમાં કોળી સમાજ દ્વારા થાય છે જેને સૌ કોઈએ આવકાર્યુ છે. આ સામાજીક કાર્ય દાતાઓએ દાનની સરવાણીના સહારે થયુ છે. જેમાં તાલુકાભરમાંથી મોટી સંખ્યામાં બાળકો અને વાલીઓ સાથે ધારાસભ્ય દેવભાઈ માલમ, ભગવાનજી કરગઠીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

જૂનાગઢમાં ઓમકારેશ્વર મંદિર ખાતે ગંગાજળ-અભિષેકનો શણગાર કરાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢમાં ઓમકારેશ્વર મંદિર દીપાંજલિ-૨માં ગંગાજળ અભિષેકનો શણગાર કરવામાં આવ્યો હતો.

શણગાર તૈયાર કરનાર દર્શનાબેન ગોસ્વામી, કૃપાબેન દવે, સૃજલ પંડ્યાએ તૈયાર કરેલ છે. તેમાં સહકાર આપવા માટે લાભુભાઈ શેલડીયા અને રમેશભાઈ મોઢાએ સાથ આપેલ છે.

ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીના હસ્તે પાકિસ્તાનના કુલ ૧૦૮ હિન્દુ નિર્વાસિતોને ભારતીય નાગરિકતા પત્ર એનાયત કરાશે

અમદાવાદ તા.૧૨

ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીના હસ્તે આજે ૧૨મી સપ્ટેમ્બરના રોજ પાકિસ્તાનથી સ્થળાંતરિત થયેલા અમદાવાદના કુલ ૧૦૮ લોકોને ભારતીય નાગરિકતા પત્ર એનાયત કરવામાં આવશે. આ અવસરે અમદાવાદના કલેકટર પ્રવીણા ડી.કે, અમદાવાદના સર્વે ધારાસભ્યઓ, સિંધ માયનોરીટી માયગ્રન્ટ્સએસોસીએશનના પ્રમુખ અને સભ્યઓ તેમજ પ્રમાણપત્ર સ્વીકૃતિ માટે આવનાર ૧૦૮ લાભાર્થીઓ અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૮ના ગેઝેટથી ગુજરાત રાજ્યમાં અમદાવાદ, ગાંધીનગર અને કચ્છ જિલ્લા કલેક્ટરઓને અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના લઘુમતી કોમના (હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તી) લોકોને નાગરિકતા અધિનિયમ અંતર્ગતની પ્રક્રિયા અનુસરીને ભારતીય નાગરિકતા આપવાની સત્તા મળેલી છે. અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા અત્યાર સુધીમાં કુલ ૧૧૪૯ પાકિસ્તાની હિંદુ નિર્વાસિતોને ભારતીય નાગરિકતા પત્ર એનાયત કરવામાંઆવ્યા છે.

કેશોદના યુવા પત્રકાર નરેશ રાવલીયાના પુત્રનો આજે જન્મદિવસ

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૧૨

કેશોદ તાલુકામાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના માધ્યમથી પત્રકારત્વ કરી લોકોના પ્રશ્નોને વાચા આપવા સતત પ્રયત્નશીલ રહેતા કેશોદના પત્રકર નરેશ રાવલીયાના પુત્ર આવ્યાંનનો આજે ચોથો જન્મ દિવસ છે. પરિવારમાં સદાય આનંદ કિલ્લોલનું વાતાવરણ ગુંજતું રાખતા આવ્યાનનાં જન્મ દિવસે તેમના પરિવારજનો સગા સ્નેહીઓ જ્ઞાતીજનો રાજકીય સામાજીક આગેવાનો જન્મ દિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. આવ્યાન ઉચ્ચ અભ્યાસ કરી રાવલીય પરિવારનું નામ રોશન કરે દિરઘાયુ તંદુરસ્ત જીવન જીવે હંમેશા સફળતા પ્રાપ્ત થતી રહે તેવી શુભ કામનાઓ સાથે આવ્યાનને જન્મદિવસની શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે.

પતંગ પકડવા ગયેલા બાળકને વીજ કરંટ લાગતા કરૂણ મૃત્યું : સલાયાનો બનાવ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે જીનવિસ્તારમાં રહેતા અને વહાણવટીના વ્યવસાય સાથે સંકળાયેલા ઈમરાનભાઈ હારૂનભાઈ મોગલ નામના મુસ્લિમ ભડાલા યુવાનનો ૭ વર્ષનો પુત્ર જમીલ એ રવિવારે તેના ઘરના રવેશમાં પતંગ પકડવા માટે લોખંડનો સળિયા લંબાવતા આ સળીયો નજીકના વીજપોલ ઉપરના તારને અડકી ગયો હતો. જેના કારણે જમીલને જોરદાર વિજ કરંટ લાગતા તેને શરીરના જુદા જુદા ભાગોમાં ગંભીર રીતે દાઝી ગયેલી હાલતમાં અહીંની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનું મૃત્યું નીપજ્યું હતું. આ બનાવની જાણ જમીલના પિતા ઈમરાનભાઈ મોગલે સલાયા મરીન પોલીસને કરી છે. માસુમ બાળકના અપમૃત્યુના આ બનાવે મૃતકના પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી પ્રસરાવી છે.

ભેંસાણ તાલુકાના સરદાર વલ્લભભાઈ પટેલ જીન પ્લોટ પે સેન્ટર પ્રાથમિક શાળાના શિક્ષક ડો.કિશોરભાઈ શેલડીયાને જીલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત કરાયો

છેલ્લા ૬ વર્ષમાં ખાનગી શાળાઓમાંથી ૫૦૦થી વધારે વિદ્યાર્થીઓને પોતાની શાળામાં એડમિશન લેવા માટે પ્રેરિત કર્યા

જૂનાગઢ, તા.૧૨

જૂનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકાની શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ જીન પ્લોટ પેસેન્ટર પ્રાથમિક શાળાના શિક્ષક ડો.કિશોરભાઈ શેલડીયાને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા જૂનાગઢ જિલ્લાના પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ જિલ્લા કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

જૂનાગઢ જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાંથી પ્રતિવર્ષ એક વ્યક્તિને અપાતા શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડ માટે આ વર્ષે ભેંસાણના શિક્ષક અને સંસ્કૃત ભાષાનો પ્રચાર પ્રસાર કરતાં રાજ્ય સરકાર દ્વારા યુવા ગૌરવ એવોર્ડથી પુરસ્કૃત ડો.કિશોરભાઈ શેલડીયાને આ વર્ષે જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ માટે પસંદગી કરી તા.૫ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ બીએપીએસ મંદિરના પ્રાર્થના હોલ ખાતે જૂનાગઢ જિલ્લાના વહીવટી તંત્ર અને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી દ્વારા એનાયત કરવામાં આવ્યો હતો.

સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર બદલ ગુજરાત સરકાર દ્વારા પ્રતિવર્ષ એક વ્યક્તિને અપાતા ૩૫ વયથી ઓછી ઉંમર ધરાવતા સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અને ઉત્કૃષ્ટ યોગદાન બદલ યુવા ગૌરવ એવોર્ડ એનાયત કરવામાં આવે છે. જે ૨૦૧૯નો ડો.કિશોરભાઈ શેલડીયાને એનાયત કરવામાં આવ્યો છે. આ સિવાય કિશોરભાઈ શેલડીયાને શિક્ષણ વિભાગ દ્વારા "તાલુકા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ ૨૦૨૦", શિક્ષણ વિભાગ દ્વારા "પ્રતિભાશાળી શિક્ષક એવોર્ડ-૨૦૨૧", ગ્રામ પંચાયત ભેંસાણ દ્વારા "કર્મયોગી શિક્ષક એવોર્ડ-૨૦૨૨", તપોવન વિદ્યાલય-ભાણવડ દ્વારા "શ્રેષ્ઠ સંભાષણ તજજ્ઞ એવોર્ડ-૨૦૨૨", ભેંસાણ કર્મચારી મંડળ દ્વારા "શ્રેષ્ઠ કર્મચારી એવોર્ડ-૨૦૨૨" તેમના સેવાકીય કાર્યોઅને શ્રેષ્ઠ શિક્ષણકાર્ય બદલ એનાયત થયેલા છે.

ભેંસાણના આ શિક્ષકે છેલ્લા ૬ વર્ષમાં ખાનગી શાળાઓમાંથી ૫૦૦થી વધારે વિદ્યાર્થીઓને પોતાની શાળામાં એડમિશન લેવા માટે પ્રેરિત કર્યા છે. સામાજિક આગેવાનોને સાથે રાખીને રાત્રે ડોર ટુ ડોર વિદ્યાર્થીઓની માતાઓને સમજાવીને શાળાઓની વિશેષતાઓને ઘર ઘર સુધી પહોંચાડી છે તથા વિદ્યાર્થીઓને ખાનગી શાળા જેવી ભૌતિક સુવિધાઓ મળી રહે તે માટે એકલા હાથે ૧૫ લાખથી વધારે માતબર દાન લાવીને શાળાને વાઈફાઈ, સીસીટીવી કેમેરા, એ.સી., પેવર બ્લોક, વિશાળ રંગમંચ, ૯૦ હજાર લિટરનો પાણીનો ટાંકો , પ્રિન્ટર, વોટર કુલર, આરો સિસ્ટમ, વિદ્યાર્થીઓને બેસવાના બાંકડા વગેરે અનેક સુવિધા સભર બનાવી છે. આપણી સંસ્કૃતિ સાથે જોડાયેલી અને ભારતની અસ્મિતા એવી સંસ્કૃત ભાષાના પ્રચાર પ્રસાર માટે છેલ્લા ૧૭ વર્ષથી સંસ્કૃત ભારતી નામની વૈશ્વિક સંસ્થા સાથે જોડાઈને સંસ્કૃતને જન વ્યવહારની ભાષા બનાવવા માટે અત્યાર સુધી ૩૦૦૦ થી વધારે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સરળ સંસ્કૃતનું જ્ઞાન આપેલ છે અને હજારો વિદ્યાર્થીઓને સામાન્ય સંસ્કૃત બોલતા કરવા માટે પ્રેરિત કર્યા છે. જૂનાગઢની એક પણ એવી નામાંકિત સંસ્થા નથી કે જ્યાં કિશોરભાઈ શેલડીયાએ નિઃશુલ્ક સંસ્કૃત સંભાષણના વર્ગો ન ચલાવ્યા હોય. તેઓના અપ્રતિમ યોગદાન બદલ જ તેમને ૫૧ હજારનું રોકડ પુરસ્કાર આપી અને યુવા ગૌરવ એવોર્ડ-૨૦૧૯ ગુજરાત સરકારના યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ અંતર્ગત સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા એનાયત કરવામાં આવેલ છે અને આ ધન રાસી પણ તેઓએ સંસ્કૃતના પ્રચાર માટે અર્પણ કરી દીધી છે.

ઉના નજીક આવેલ ગુપ્ત પ્રયાગ તીર્થધામ ખાતે આજથી ભાદરવી અમાસના મેળાનો પ્રારંભ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૨

ઉનાથી સાત કિલોમીટર દૂર આવેલું પ્રાચીન પૌરાણિક ગુપ્ત પ્રયાગ તીર્થધામ આવેલ છે ત્યાં પવિત્ર ત્રણ નદીના ગંગાકુંડ, વિષ્ણુ કુંડ અને રૂદ્ર કુંડ આવેલ છે અને બળદેવજી અને નૃસિંહજીનું મંદિર આવેલ છે. વરસોની પરંપરા મુજબ આજ તા.૧૨/૯/૨૦૨૩ને મંગળવારથી ત્રણ દિવસનો ભાદરવી અમાસનો ધાર્મિક મેળો યોજાયો છે. સવારે ચાંપરડા આશ્રમના મહંત પૂજય મુક્તાનંદબાપુ અને સંતો અને મહંતોની હાજરીમાં ધ્વજા રોહણ કરી મેળાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો અને સમગ્ર સૌરાષ્ટ્ર અનેદીવ ઘોઘલા પંથકમાંથી લોકો જેમના પરિવારમાં સ્વજનો અવસાન પામેલ હોય તેમની યાદમાં આખી રાત્રીના દીવો પ્રગટાવી પિતૃ તર્પણ કરશે અને સવારે સ્નાન કરી પ્રાચીન પીપળે પાણી રેડી પિતૃઓને તૃપ્ત કરશે. આ ત્રણ દિવસ દરમ્યાન હજારોની સંખ્યામાં લોકો લોક મેળો માણવા ઊમટી પડશે. મેળામાં આવતા ભાવિકો માટે નૃસિંહજી મંદિર તરફથી વિનામૂલ્યે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે તેમજ સંતવાણી, ધૂન, ભજનના કાર્યક્રમ રાખવામાં આવે છે. કાર્યક્રમમાં કોઈને કોઈ તકલીફના પડે તે માટે મંદિરના મહંત વિવેકાનંદબાપુ અને સેવકગણો મહેનત કરી રહ્યા છે.

ઉનામાં આવેલ પૌરાણીક મહાકાલેશ્વર મંદિર ખાતે હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૨

ઉના શહેરમાં આવેલ પૌરાણિક મહાકાલેશ્વર મહાદેવનું મંદિર આવેલ છે ત્યાં શ્રાવણ માસ નિમિત્તે સતત છઠ્ઠા વરસે છારિયા ઊનેવાળ બ્રહ્મ સમાજ ઊના યુનિટ દ્વારા હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞ યોજવામાં આવ્યો હતો જેમાં મુખ્ય યજમાન પદે ગીરગઢડાના શ્રીમતી મંજુલાબેન પ્રફુલચંદ્ર જાની પરિવાર રહેલ અને વિદ્વાન બ્રાહ્મણો દ્વારા યજ્ઞ વિધિ પૂર્ણ કરવામાં આવી હતી સાંજે બીડુ હોમ અને આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ સમસ્ત છારિયા ઊનેવાળ બ્રહ્મ સમાજ ઊના યુનિટના સહ પરિવારોએ સમુહમાં મહાપ્રસાદ (ભોજન) લીધુ હતું.

૨૦ વર્ષથી ભાઈઓ વચ્ચે ચાલતી તકરારનો અંત : લોક અદાલતની સિધ્ધી

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૧૨

ગુજરાત વડી અદાલતના આદેશથી તા.૯/૯/૨૦૨૩ના રોજ લોક અદાલતના ઉપક્રમે જૂનાગઢ જીલ્લા કાનુની સેવા સત્તા મંડળના અધ્યક્ષ એચ.એ. દવેના માર્ગદર્શન હેઠળ કેશોદના એડીશ્નલ ડિસ્ટ્રીકટ જજ મિલન દવેના સમજાવટ અને પ્રયત્નથી આશરે ૨૦ વર્ષથી સગા બે ભાઈઓ વચ્ચે ચાલી આવતી તકરારનો નોશનલ લોક અદાલતમાં સુખદ સમાધાન થકી અંત આવેલ છે અને બંને પરીવારો જે ૨૦ વર્ષથી એકબીજાની સાથે બોલતા ન હતા કે તેઓના પરીવારો વચ્ચે પણ જે બોલવાના સંબધો ન હતા કે કોઈ વ્યવહારના ન હતા તેનો એડિશ્નલ ડિસ્ટ્રીકટ જજ મિલન દવેના પ્રયત્નથી કોર્ટ રૂબરૂ સમાધાન થતા સુખદ નિરાકરણ આવેલ અને કોર્ટમાં અતિશય લાગણીસભર દ્રશ્યો સર્જાયેલા જોવા મળેલ અને આ સમયગાળામાં હાજર રહેલા તમામ પક્ષકારો તથા વકીલોની આંખોમાં પણ આસુ આવી ગયેલ અને એડિશ્નલ ડિસ્ટ્રીકટ જજ મિલન દવેના પ્રયત્નો દ્વારા ૨૦ વર્ષ જુના કેસનો સુખદ અંત આવેલ છે. બંને પક્ષકારોના વિ.વ. વાય.એસ. કરૂડ અને કે.આર. પુરોહિતનું પણ મહત્વનું યોગદાન રહેલ છે.

ઉના તાલુકાના દેલવાડા ગામે પોલીસની જીપ જોઈ નાશવા જતા યુવાનનું ગટરમાં પડી જતા મૃત્યું

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૨

ઉના તાલુકાના દેલવાડા ગામે રહેતા યુવાન મહેશભાઈ ભૂપતભાઈ બાંભણિયા દેલવાડા ગામની સીમમાં આવેલ મછુંન્દ્રી નદી કાંઠે એક બેઠક ઉપર મિત્રો સાથે બેઠા હતા ત્યારે પોલીસની એક જીપ ખાણ ગામ બાજુથી આવતા તે જોઈ ભાગવા જતા અકસ્માતે એક ખુલ્લી પાણીની ગટરમાં પડી ગયેલ હતો. સવારે ગટરમાં માનવીનો પગ દેખાતા લોકોએ બહાર કાઢેલ અને યુવાનના બનેવી મોહનભાઈ કાનાભાઈ સોલંકીએ આ મૃતદેહ મહેશ ભૂપત બાંભણિયાનો ઓળખી બતાવતા પોલીસે લાશને પોસ્ટ મોર્ટમ માટે હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. પોલીસે એ.ડી. નોધી તપાસ શરૂ કરી છે. જાણવા મળતી વિગત મુજબ મૃતક મહેશ ઉપર પહેલા પોલીસ કેસ થયેલ તેથી પોલીસના ડરથી નાસવા જતા ગટરમાં પડી ગયેલ હતો.

જૂનાગઢ જીલ્લાનાં ૩૯ વ્યક્તિઓએ સાયબર ફ્રોડમાં ગુમાવેલ કુલ રૂા.૧૯,૫૨,૦૧૫ પરત અપાવતી જૂનાગઢ પોલીસ

અન્ય વ્યક્તિઓએ સાયબર ફ્રોડમાં ગુમાવેલ કુલ રૂા.૧,૧૭,૨૮,૮૭૫ જેટલી રકમ ફ્રોડ કરનાર વ્યક્તિઓના એકાઉન્ટમાં બ્લોક કરી છે જેની રીફંડ પ્રોસેસ પણ ચાલુ છે

જૂનાગઢ, તા.૧૨

જૂનાગઢ રેન્જનાં નાયબ પોલીસ મહાનિરીક્ષક નીલેશ જાજડીયાની સુચના તેમજ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાની સુચના તથા માર્ગદર્શન હેઠળ જિલ્લામાં સાયબર ક્રાઈમના વધતા જતા બનાવોને ધ્યાને લઈ આવા ગુનાઓ બનતા અટકાવવા, લોકોને સાયબર ક્રાઈમ અંગે જાગૃત કરવા તેમજ આવા બનાવોમાં લોકોએ ગુમાવેલ નાણા રીફંડ થાય તેવા પ્રયત્નો કરવા સૂચના આપવામા આવેલ હોય જે અનુસંધાને એસ.ઓ.જી.જિલ્લા સાયબર ક્રાઈમ સેલના પો.ઈન્સ. એ.એમ.ગોહીલ તથા સાયબર સેલના પો.સબ.ઈન્સ. એમ.જે.કોડીયાતર તથા પો.સ્ટાફના માણસો સતત પ્રયત્નશીલ છે.

આજના આ ટેકલીકલ સાયબર યુગમાં સાયબર ગઠીયાઓ દ્વારા અલગ અલગ મોડ્સ ઓપરેન્ડી મારફત લોકોને સાયબર ફ્રોડનો ભોગ બનાવે છે જેમાં ક્રેડીટ કાર્ડ, ડેબીટ કાર્ડ અપડેશન ફ્રોડ, ફ્રોડ, જોબ ફ્રોડ, ઓનલાઈન શોપીંગ ફ્રોડ, ઓનલાઈન રોકાણ ફ્રોડ, ઈન્સ્ટન્ટ લોન ફ્રોડ, સેક્સ્ટોર્શન ફ્રોડ, વીજ બીલ ફ્રોડ, પોલીસ આર્મી જવાનની ખોટી ઓળખ આપવી વગેરે જેવી અલગ અલગ મોડ્સ ઓપરેન્ડી મારફત લોકોને લલચાવી છેતરપીંડી કરી લેતા હોઈ છે આવા સાયબર ફ્રોડના બનાવોમાં લોકો દ્વારા સાયબર હેલ્પ લાઈન નંબર "૧૯૩૦" ઉપર તાત્કાલીક ફરીયાદ કરવામાં આવેલ હોઈ જે અનુસંધાને જૂનાગઢ જિલ્લામાં છેલ્લા કેટલાક મહીનાઓમાં સાયબર ફ્રોડના કુલ ૩૯ બનાવોમાં જૂનાગઢ જિલ્લા સાયબર સેલ દ્વારા તાત્કાલીક કાર્યવાહી કરી ટેકલીનલ સર્વેલન્સના માધ્યમથી કુલ રૂા.૧૯,૫૨,૦૧૫/- જેટલી મોટી રકમ સાયબર ફ્રોડનો ભોગ બનેલ અરજદારોના બેન્ક ખાતામાં રીફંડ કરાવવામાં આવેલ છે તેમજ આવી સાયબર ફ્રોડની ફરીયાદોમાં ફ્રોડ થયેલ રકમ પૈકી કુલ રૂા.૧,૧૭,૨૮,૮૭૫/- જેટલી મોટી રકમ ફ્રોડ કરનાર વ્યક્તિઓના એકાઉન્ટમાં બ્લોક કરવાવામાં આવેલ છે જેની પણ રીફંડ પ્રોસેસ ચાલુમાં છે.

વધુમાં જૂનાગઢ જિલ્લામાં કોઈ પણ નાગરીક સાયબર ફ્રોડનો ભોગ બને તો તાત્કાલીક હેલ્પલાઈન નંબર "૧૯૩૦" પર ફોન કરી અથવા ઓનલાઈન પોર્ટલ https://cybercrime.gov.in/ ઉપર ફરીયાદ કરવા તથા જિલ્લા સાયબર ક્રાઈમ સેલ નો સંપર્ક કરવા એક યાદીમાં જણાવવામાં આવે છે.

ઘાંચી યંગ કમીટી ગુજરાત દ્વારા જૂનાગઢ જીલ્લા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

જૂનાગઢ, તા.૧૨

ઘાંચી યંગ કમીટી ગુજરાત દ્વારા તા.૧૦-૯-૨૦૨૩ના રોજ જૂનાગઢ સોરઠીયા જમાતખાના ખાતે ઘાંચી સમાજના વિદ્યાર્થીઓ માટે શાનદાર સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અતિથી વિશેષ પદે ડો.સદફબેન જેઠવા તેમજ એડવોકેટ અલવિરાબહેન કચરાએ ખાસ ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભા વધારી હતી. જૂનાગઢ શહેર તેમજ જિલ્લામાંથી ઘાંચી સમાજના આગેવાનોએ ઉપસ્થિત રહીને સમાજ પ્રત્યેની લાગણીઓ પ્રદર્શિત કરી હતી. વિવિધ વકતાઓએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન કોર્પોરેટર અશરફભાઈ થઈમ, રફિકભાઈ જેઠવા, મહંમદહુસેનભાઈ જેઠવા તેમજ વંથલી ઘાંચી એકતા કમીટીની ટીમ દ્વારા તન મન અને ધનથી સહયોગ પ્રાપ્ત થયો હતો.

જૂનાગઢ જિલ્લાના ૧૬૦ વિદ્યાર્થીઓ તેમજ તેમના વાલીઓએ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહીને કાર્યક્રમની સફળતામાં યોગદાન આપ્યું હતું. ઘાંચી યંગ કમીટી ગુજરાતના ઉપપ્રમુખ અમીનભાઈ બિલખીયાએ કોર કમિટીનાં હોદેદારો , વુમન ટીમ, તેમજ સહયોગી ટીમ સાથે સુવ્યવસ્થિત સંકલન કરી સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા સંભાળી હતી.

પ્રમુખ ફિરોઝભાઈ ચોટલિયાએ કાર્યક્રમના સહયોગીઓ તેમજ વિદ્યાર્થીઓ, વાલીઓ, પધારેલા મહાનુભાવ, આગેવાનોનો દિલથી આભાર વ્યકત કર્યો હતો. લતીફખાન દ્વારા સમગ્ર કાર્યક્રમનું મોટીવેશનલ સ્પીચ સાથે સુંદર સંચાલન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની આભારવિધિ તેમજ પ્રાસંગિક પ્રવચન રમઝાન મહિડા દ્વારા કરવામાં આવેલ હતી અને સમગ્ર કાર્યક્રમ સફળતા સાથે સંપન્ન થયો હતો.

અત્યાર સુધીના ઈતિહાસમાં ચોમાસુ પાક બચાવવા સિંચાઈ દ્વારા પાણી અપાયાની પ્રથમ ઘટના

વરસાદ ખેંચાતા ખેડૂતોના પાકને બચાવવા સિંચાઈ વિભાગ દ્વારા પાણી અપાયું

ગીર જંગલની મધ્યમાં આવેલ ગીર સોમનાથના સૌથી મોટા શીંગવડા ડેમ દ્વારા કેનાલ મારફત ૧૨ ગામોના ખેડૂતોને સિંચાય માટે પાણી અપાતા : ખેડૂતોમાં ખુશીની લહેર

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા. ૧૨

છેલ્લા દોઢ માસથી વરસાદ ખેંચાતા ખેડૂતોનાં પાકને બચાવા ગીર જંગલની મધ્યમાં આવેલ ગીર સોમનાથના સૌથી મોટા શિંગોડા ડેમમાંથી ૧૫ ગામોના ખેડૂતોને સિંચાઈ માટે પાણી છોડાયું ખેડૂતોને ચોમાસું પાક જીવતદાન મળતા ફાયદો થયો છે. ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકાનાં ગ્રામ્ય પંથકના ખેડૂતોએ પ્રથમ વરસાદ થીજ ખેતરોમાં મગફળી, સોયાબીન, કપાસ અને શેરડી વાવેતર છે. પહેલા સતત ૨ માસ સુધી વરસાદ પડવાને કારણે આ તમામ પાક નિષ્ફળ જવાના આરે હતો ત્યારબાદ છેલ્લા દોઢ માસથી વરસાદ ખેંચાતા આ વિસ્તારના ૧૨ જેટલા ગામોની રેતાળ અને નપાણી જમીનના કારણે ૧ કલાક મોટર ચાલતા કૂવાના તળ નીચા જતાં રહે છે ત્યારે આ પાક માટે નવજીવન માટે જરૂરી પાણી શિંગોડા ડેમમાંથી સિંચાઈ માટે અપાઈ રહ્યું છે. શિંગોડા ડેમની ડાબા કાંઠાની સી.એફ કેનાલમાં જરૂરિયાત નદીનું વહેતું પાણીને ડાઈવર્ટ કરીને પાણી કેનાલમાં છોડવામાં આવતા કેનાલમાં પાણી છેલ્લા૯ દિવસથી અવિરત વહી રહ્યું છે. આ કેનાલ દ્વારા ખેડૂતોના ખેતરોમાં પાક પાણી પી રહ્યા છે અને પાકને પૂરતા પ્રમાણમાં પાણી મળવાથી પાકને નવું જીવનદાન મળતા ખેડૂતોમાં ખુશી વ્યાપી છે. શિંગોડા ડેમની ડાબા કાંઠાની સી.એફ કેનાલમાંથી જે ૧૯ ગામના ખેડૂતોને પાણી મળી રહ્યું છે તે ગામોને જો સિંચાઈ માટે પાણી ન મળે તો જમીન બંઝર બની જાય તેવી પરિસ્થિતિ હતી. પરંતુ પાણી મળવાથી ખેડૂતોની જમીન ફળદ્રુપ બની છે. આ વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ તો એવી છે કે ૧૦ પૈકી ૪ ગામોના તળમાં તો પાણીજ નથી અને જમીન રેતાળ હોવાથી કૂવાના તળ પણ સામન્ય છે. ચોમાસાની સીઝનમાં પણ કૂવામાં ડુકી ગયા છે ત્યારે આ કેનાલ ખેડૂતોની જીવાદોરી બની છે. આથી ખેડૂતો ખુશખુશાલ જોવા મળ્યા હતા. એક તરફ વરસાદ ખેંચાતા જગતતાત ચિંતિત બન્યો છે તો બીજી તરફ ગરમીનું પ્રમાણ વધતાં ગુજરાતનાં અનેક વિસ્તારોમાં પાણી માટે પોકાર છૂટી રહ્યા છે. જયારે આમ પણ છેલ્લા કેટલાક વર્ષોથી ચોમાસુ સરેરાશ હોવાને લઈ કુવાઓનાં તળ ઊંડા ગયા છે. ત્યારે વરસાદ ખેંચાવાનાં કારણે ખેડૂતોના નિષ્ફળ જતાં ચોમાસું પાકને બચાવવા સ્થાનિક આગેવાનો ખેડૂતો દ્વારા કરાયેલી માંગના ભાગરૂપે અને ગીર સોમનાથનાં સૌથી મોટા ડેમ શિંગોડા સિંચાઈ દ્વારા નદીમાં વહિજતું વધારામાં પાણીને સિંચાઈ માટે પાણી આપવાનું સિંચાઈ સલાહકાર સમિતિમાં નક્કી થયા મુજબ તેમજ ખેડૂતોની સાથે પરામર્શમાં કરી આવશ્યકતા મુજબ નદીનું પાણી ડાયવર્ટ કરી કેનાલમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. આ શિંગોડાની ડાબા કાઠાની સી.એફ કેનાલ દ્વારા કુલ ૧૫ ગામોના ખેડૂતોની ૧૨૦૦ હેકટર જમીનને પિયત માટે પાણી અપાઈ રહ્યું છે. ગીર જંગલમાં આવેલા ડેમની પાણીની કેપેસીટની જો વાત કરીએતો ૧૮.૮૦ મીટર જેટલી કેપેસીટ છે. હાલ શિંગોડા ડેમ ૯૦થી ૯૫%ભરાયો છે. જયારે હાલ ડેમમાં આવતું વર્ષ ચાલે તેટલો જેટલો જથ્થો છે. જેમાંથી આવતા દિવસોમાં ખેડૂતોને રવી સીઝનમાં પિયત માટે પાંચપાણી તેમજ ડેમ ગીર જંગલની મધ્યમાં હોવાથી વન્ય જીવો જેવા કે સિંહ, દીપડા, હરણ, સાંબર સહિત નાના મોટા વન્ય પ્રાણીઓ માટે ૧૦૦ એમસીએફટી પાણીનો જથ્થો રિઝર્વ રાખ્યા બાદ ૨૪ ગામના લોકોને પીવા અને ૧૬ જેટલા ગામોને સિંચાઈ માટે પાણી પૂરૂ પડાય છે અને જો ત્યારબાદ પણ ડેમમાં પાણી વધશે તો ઉનાળુ પાક માટે અપાશે તેવું સિંચાઈ વિભાગ દ્વારા જણાવાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે કોડીનારના ૧૭ થી ૧૮ ગામોને કેનાલ દ્વારા પાણી પૂરૂ પાડવામાં આવ્યું પરંતુ જિલ્લાભરના ખેડૂતો હજુ વરસાદની રાહ જોઈને બેઠા છે. આવા સમયે સમયસર વરસાદ નહિ થાય તો અનેક ખેડૂતોના પાક નાશ પામવાની શકયતા છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

વિપક્ષી ગઠબંધન માટે સીટોની વહેંચણી એક જટીલ મુદો

ભાજપ વિરોધી પક્ષોના વિપક્ષી ગઠબંધન-આઈએનડીઆઈની મુંબઈમાં બે દિવસની યોજાયેલી બેઠકથી સ્પષ્ટ થઈ ગયું કેઆ ગઠબંધન પોતાની ગાંસડી બંધાયેલી રાખવા પ્રતિબધ્ધ છે. જ્યારે પટનામાં આ ગઠબંધનની પહેલ થઈ હતી ત્યારે કેટલાક રાજકીય પંડિતોનું માનવું હતું કે આ ગઠબંધન પ્રાદેશિક પક્ષોની મહત્ત્વાકાંક્ષાને કારણે વિખેરાઈ જશે, પરંતુ હવે જ્યારે બેંગલુરૂની બીજી બેઠક બાદ મુંબઈની ત્રીજી બેઠકમાં ગઠબંધનની સમન્વય સમિતિનાં નામ નક્કી થવાની સાથે ચાર અન્ય સમિતિઓ બની ગઈ અને સંયુક્ત રેલીઓ કરવાની તૈયારી સિવાય સીટોની વહેંચણીની પ્રક્રિયા જલ્દી શરૂ કરવાની ઘોષણા કરી દેવાઈ, ત્યારે ફરીથી લાગે છે કે તેઓ મળીને ભાજપ સામે લડવા તૈયાર છે. જોકે રાજકારણમાં ગમે ત્યારે ગમે તે થઈ શકે છે અને એ કોઈથી છૂપું નથી કે વિપક્ષી ગઠબંધનના કેટલાય ઘટકોમાં મતભેદ છે અને તે મુંબઈની બેઠકમાં પણ જોવા મળ્યા. આ જ કારણે ના તો સંયોજકની જાહેરાત થઈ શકી, ના લોગો જારી થઈ શક્યો અને ના જાતિ ગણના પર સહમતી બની શકી, માત્ર ભેગા થઈને ફીફાં ખાંડ્યાં!

એ તો સ્પષ્ટ છે કે નેતૃત્વનો સવાલ અને સીટોની વહેંચણી પણ એક જટિલ મુદ્દો છે. મુંબઈ બેઠકમાં એ પણ સ્પષ્ટ થઈ ગયું કે કોંગ્રેસ કોઈપણ ભોગે પોતાનો રાજકીયપ્રભાવ વધારવા તત્પર છે અને એટલે જ તેણે કેટલાય એવા પક્ષોને પણ સાથે લીધા, જે તેના વિરોધી રહ્યા છે, જેમ કે આમ આદમી પાર્ટી. આમ તો આ વિપક્ષી ગઠબંધન કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએનું જ નવું રૂપ છે. સંભવતઃ યુપીએ નામ એટલે પડતું મૂક્યું, કારણ કે મસમોટાં કૌભાંડોને કારણે તેની શાખ પર બટ્ટો લાગ્યો હતો. કોંગ્રેસ એ સમજી રહી છે કે તે એકલી તો ક્યારેય ભાજપનો સામનો નહીં કરી શકે. એક સમયે એકલા ચલોની નીતિ પર ચાલનારી કોંગ્રેસ આજે પ્રાદેશિક પક્ષોની પિઠ્ઠુ બની ગઈ છે. સમસ્યા એ છે કે કેટલાક પ્રાદેશિક પક્ષો પણ કોંગ્રેસને કમતર આંકી રહ્યા છે. તેમણે એ ન ભૂલવું જોઈએ કે કોંગ્રેસ પાસે શાસન ચલાવવાનો લાંબો અનુભવ છે અને બીજું, આખા દેશમાં તેની હાજરી પણ છે. પ્રાદેસિકપક્ષોના નેતાઓમાં શરદ પવાર, નીતિશ કુમાર અને મમતા કેન્દ્રમાં મંત્રી રહી ચૂક્યા છે. તેમની નજરમાં રાહુલ પાસે એ અનુભવ નથી જે તેમની પાસે છે. આ એક સચ્ચાઈ છે, પરંતુ તેમ છતાં પણ એવું નથી લાગતું કે કોંગ્રેસ પીએમ પદની દાવેદારી પર કોઈ સમજૂતી કરવાની છે. એ વાત જુદી છે કે વિપક્ષી ગઠબંધનના કેટલાક ઘટકોએ પોતપોતાના નેતાઓને પીએમ પદ માટે યોગ્ય ગણાવવાનો ચણભણાટ શરૂ કરી દીધો છે.

ગાંધી પરિવાર ચોક્કસપણે કોંગ્રેસની શક્તિનો સ્રોત રહ્યો છે, પરંતુ હવે સ્થિતિ બદલાઈ ગઈ છે. આજે ગાંધી પરિવારનો જનતા પર એવો પ્રભાવ નથી, જેવો પહેલાં દેખાતો હતો. આ જ કારણે રાહુલ ગાંધી ગઈ વખતે અમેઠીથી ચૂંટણી હારી ગયા હતા. હજુ એ સ્પષ્ટ નથી કે વિપક્ષોનો 'જુડેગા ભારત-જીતેગા ઈન્ડિયા' નારો કેટલો કારગત સાબિત થશે, પરંતુ એમાં કોઈ શંકા નહીં કે ભાજપના નેતૃત્વવાળું ગઠબંધન એનડીએ વડાપ્રધાન મોદીની છબિ અને તેમની લોકપ્રિયતાના સહારે ચૂંટણી મેદાનમાં ઉતરવા માટે કમર કસી રહ્યું છે. ભલે રાહુલ પીએમ પદ માટે પ્રબળ દાવેદાર ગણાવાઈ રહ્યા હોય, પરંતુ મોદી સામે તેઓ કમજોર જ દેખાય છે. જો કોંગ્રેસ મોદી વિરુદ્ધ રાહુલની સ્થિતિથી બચવા માંગે તો પણ આશ્ચર્ય નહીં! શશિ થરૂરે તો કહી પણ દીધું કે કોઈને પીએમ પદના ઉમેદવાર તરીકે રજૂ જ ન કરવા જોઈએ.

ભારત જોડો યાત્રા અને હિમાચલ તથા કર્ણાટકનાં ચૂંટણી પરિણામોએ કોંગ્રેસનું મનોબળ અવશ્ય વધાર્યાં છે, પરંતુ રાહુલ રાજકીય રૂપે એટલા પરિપક્વ નથી, જેટલા તેમણે હોવું જોઈએ. તેઓ વડાપ્રધાન મોદીની છબિ નષ્ટ કરવા માટે ક્યારના એ સાબિત કરવા મચી પડ્યા છે કે મોદી સરકાર થોડા ઉદ્યોગપતિઓ માટે જ કામ કરે છે. આ એક ખોખલો આરોપ છે અને એને કારણે જનતા પર તેની કશી અસર નથી થતી. રાહુલ વડાપ્રધાન મોદી પર જાતજાતનાં લાંછન તો લગાવે છે અને એ ક્રમમાં કેટલીય વાર મર્યાદાનું ભાન નથી રહેતું, પરંતુ તેઓ એ નથી કહી શકતા કે દેશ સમક્ષ જે સમસ્યાઓ છે તેનું સમાધાન કઈ રીતે કરશે? તેઓ એમ જ માની રહ્યા છે કે તેમના વાહિયાત આરોપોથી વડાપ્રધાન મોદીની છબિ ધૂમિલ થઈ જશે એ તેમની ભૂલ છે. તેમને ખબર હોવી જોઈએ કે ગઈ લોકસભા ચૂંટણીમાં પણ તેઓ 'ચોકીદાર ચોર હૈ' નારો લઈને આવ્યા હતા તેના શા હાલ થયા હતા. ગાંધી પરિવારનું મહિમામંડન કરનારા કોંગ્રેસી નેતાઓએ ભૂલવું ન જોઈએ કે યુપીએ સરકારે દસ વર્ષના કાર્યકાળમાં જે થોડાં સારાં કામ કર્યાં, તેમાં મનમોહન સિંહ અને પ્રણવ મુખર્જીનું ભારે યોગદાન હતું. પ્રણવ મુખર્જી રહ્યા નથી અને મનમોહન સિંહ હવે સક્રિય નથી.

આજે કોંગ્રેસમાં એવા નેતાઓનો અભાવ છે, જે જનતાને આકર્ષિત કરનારો કોઈ વૈકલ્પિક એજન્ડા રજૂ કરી શકે. પ્રાદેશિક પક્ષોના પણ કંઈક એવા જ હાલ છે. તેઓ વિપક્ષી ગઠબંધનની છત્રી તળે અવશ્ય આવી ગયા છે, પરંતુ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય મહત્ત્વના વિષયો પર તેમનું કોઈ પ્રભાવી ચિંતન દેખાતું નથી. આ જ વિપક્ષી ગઠબંધનની સૌથી મોટી કમજોરી છે. આ ગઠબંધનનાં એક-બે પક્ષોને બાદ કરતાં તમામ પક્ષો વંશવાદી છે અને તેમનો પ્રભાવ પણ તેમના રાજ્ય સુધી જ સીમિત છે. તેમાં અપવાદ હોય તો આમ આદમી પાર્ટી, જે મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં વિધાનસભા ચૂંટણી લડવા માટે પણ તૈયાર છે. એ પણ કોઈથી છૂપું નથી કે મમતા બેનર્જીને બંગાળમાં કોંગ્રેસ અને ડાબેરીઓનું સહશયન ગમતું નથી.

વિપક્ષી ગઠબંધનની એકજૂટ દેખાવાની કોશિશ વચ્ચે એની અવગણના ન કરી શકાય કે ભાજપ પણ આગામી લોકસભા ચૂંટણી માટે જોરશોરથી સક્રિય છે. તેના કાર્યકર્તાઓની જમીની સ્તર પર જેવી પહોંચ અને પકડ છે, એવી કોંગ્રેસ પાસે નથી. જ્યાં ભાજપ રાષ્ટ્રવાદને લઈને ચાલે છે, ત્યાં કોંગ્રેસ સહિત વિપક્ષી ગઠબંધનના કેટલાય ઘટક પક્ષો રાષ્ટ્રવાદ પર ડબલ ઢોલકી વલણ અપનાવે છે. ભલે વિપક્ષી ગઠબંધને મુંબઈમાં ફરીથી પોતાની એકજુટતાનું પ્રદર્શન કર્યું, પરંતુ તેઓ કોઈ કોમન મિનિમમ પ્રોગ્રામ ન લાવી શક્યા. આ તો સૌથી પહેલાં કરવાનું કામ છે. તેનાથી જ જનતાને યોગ્ય સંદેશ આપવામાં આસાની થતી.

મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને ગાંધીનગરમાં ગુજરાત પોલીસની ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં ગુજરાત પોલીસની ક્રાઈમ કોન્ફરન્સનો પ્રારંભ કરાવ્યો હતો. આ કોન્ફરન્સ નો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, વરિષ્ઠ પોલીસ અધિકારીઓથી લઈને નાનામાં નાના પોલીસકર્મી સુધી સૌ પ્રજા હિત અને સમાજ જીવનની શાંતિ, સલામતિ અને સુરક્ષા માટેની સમાન વિચારધારા સાથે કાર્યરત રહીને આ ક્રાઈમ કોન્ફરન્સના હેતુઓ સાકાર કરી શકશે. તેમણે દરેક વસ્તુમાં ક્રાઈમ અને ક્રાઈમને જોવાની આપણી દ્રષ્ટિ બેયમાં બદલાવ લાવવાનો અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે રાજ્યમાં એવું વાતાવરણ બનાવીએ કે ક્રાઈમ રોકવા કરતા ક્રાઈમ થાય જ નહીં. મુખ્યમંત્રીએ આ તકે એમ પણ કહ્યું કે, ગુન્હો- ક્રાઈમ કર્યો હોય એટલે સજા આપવાનો રવૈયો આપણે ત્યાં છે પરંતુ ગુનેગારને સુધરવાનો અવકાશ રહે તેવી સમાજમાં ઉદાહરણ રૂપ કામગીરીની પણ પોલીસ દળ પાસે અપેક્ષા છે. તેમણે ઉમેર્યું કે, આવી ક્રાઈમ કોન્ફરન્સમાં મુક્ત મનેચર્ચાઓ થાય અને તેનો નિષ્કર્ષ સમાજની શાંતિ, સુરક્ષા માટે વધુ પરિણામકારી બને તે જરૂરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એમ પણ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી રાજ્યના મુખ્યમંત્રી તરીકે કાર્યરત હતા ત્યારથી આજ સુધીની જર્ની સુદ્રઢ કાયદો વ્યવસ્થાની રહી છે. તેથી જ ગુજરાત વિકાસનું રોલ મોડલ અને બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ બન્યું છે. ગુજરાત પોલીસ દળનું આ માટે મહત્વનું યોગદાન રહ્યું છે અને જેટલું સારું થયું છે તેનાથી વધુ ઉત્તમ કઈ રીતે થાય તેવો પ્રયત્ન પોલીસ દળ કરે તેવું આહવાન મુખ્યમંત્રીએ કર્યું હતું. મુખ્યમંત્રીએ ગુજરાત પોલીસની આગવી પહેલરૂપ પોલીસ કોમ્યુનિટી પોર્ટલ 'ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી'નું પણ લોન્ચિંગ કર્યું હતું. નાગરિકોના પ્રશ્નોનું સીધુ નિરાકરણ આવે અને પોલીસની સમાજ પાસે અપેક્ષાઓ, માહિતીની જાણકારી તેમજ અન્ય પોલીસ કાર્યવાહીમાં મદદરૂપ થઈ શકાય તે માટે દર બે માસે પોલીસ સ્ટેશન, આઉટ પોસ્ટ/ચોકી અને અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા અલગ-અલગ સમુદાયના ઓછામાં-ઓછા ૨૦ નાગરિકો સાથે મીટીંગ કરી "ત્રણ વાત તમારી ત્રણ વાત અમારી" અન્વયે ચર્ચા કરી મીટીંગને લગતી વિગતો અને મીટીંગના મુદ્દા તથા થયેલી ચર્ચાની મીનીટ્સ નોટ્સ તૈયાર કરી આ પોર્ટલ પર અપલોડ કરાશે. આ પોર્ટલ ઉપર અપલોડ કરવામાં આવેલી તમામ મીટીંગની વિગતોનું સંકલન પોલીસ મહાનિરીક્ષક ક્રાઈમ-૧ સી.આઈ.ડી.ક્રાઈમ ગાંધીનગર દ્વારા કરવામાં આવશે અને આ તમામ હકીકતો પોલીસ મહાનિદેશકના ધ્યાને મુકીને પોલીસ અને પ્રજા વચ્ચે સેતુ સાધવાનો સ્તુત્ય પ્રયાસ હાથ ધરાશે. મુખ્યમંત્રીએ ડ્રગ્સના દૂષણ સામે ઝીરો ટોલરન્સથી પેશ આવીને મૂળ સુધી પહોંચવા સ્પષ્ટ તાકીદ કરી હતી. રાજ્યના યુવાધનને ડ્રગ્સના દુષણથી બચાવવા પોલીસતંત્ર સકારાત્મક ભૂમિકા નિભાવે છે તેનો પણ તેમણે વિશેષ ઉલ્લેખ કર્યો હતો. પોલીસ માત્ર કાયદો વ્યવસ્થા ની જાળવણી જ નહિ, કોવિડ જેવા કપરા સમય માં જાનના જોખમે પણ પ્રજા ની સેવામાં ખડે પગે રહી છે તે માટે મુખ્યમંત્રીએ અભિનંદન પાઠવ્યા હતા. વ્યાજખોરોથી મુક્તિ, સ્વનિધિ યોજના અન્વયે જરૂરતમંદ લોકોને સહાય જેવા અભિયાનથી સામાજિક જીવનમાં લોકોને પોલીસ પ્રત્યે આદરભાવ જાગ્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ પોલીસ અધિકારીઓને પ્રેરણા આપતા કહ્યું કે, તમે સારું કાર્ય કરો સરકાર તમારી પડખે ઊભી રહેવા તૈયાર છે. વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં દેશના અમૃત કાળમાં વિકસિત ભારત માટે સૌ સાથે મળીને વિકસિત ગુજરાતના નિર્માણમાં લીડ લઈએ તેવો અનુરોધ મુખ્યમંત્રીએ સૌ પોલીસ અધિકારીઓને કર્યો હતો. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ કોન્ફરન્સને સંબોધન કરતાં કહ્યું કે, રાજ્યની સુરક્ષા અને શાંતિ પોલીસ તંત્રની એક સૂત્રતાને આભારી છે. રાજ્ય સરકાર આ ક્રાઈમ કોન્ફરન્સ થકી અનેક નવા પ્રયાસો કરવા જઈ રહી છે. પ્રથમ વાર એવું બન્યું છે કે આ કોન્ફરન્સમાં રાજ્યના વિવિધ શહેરોના તમામ ડીસીપી અને ગૃહ વિભાગના વડાઓને પણ સામેલ કરવામાં આવ્યા છે. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ઉમેર્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યનું પોલીસ તંત્ર સાયબર ગુનાઓ, આધાર સ્કેમ, મહિલાઓ પરના અત્યાચાર જેવા અનેક ગુનાઓ અને સમાજ વિરોધી કૃત્યોને ડામવા ઉત્કૃષ્ટ કામગીરી કરી રહ્યું છે. આ કોન્ફરન્સ રાજ્યના પોલીસ તંત્રને ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી અદ્યતન બનવા માટે મહત્વની સાબિત થશે.

ગુનાઓ બનતા અટકાવવા તથા ગુનેગારોને સજા અપાવવા ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કેવી રીતે થઈ શકે તે સંદર્ભે આ કોન્ફરન્સમાં વિશેષ ચર્ચા કરવામાં આવશે.

એક દિવસ પિતા ઉંટ ગાડી ચલાવતાં હતાં, આજે પુત્ર IPS અધિકારી

અમદાવાદ,તા.૧૨

પ્રેમસુખ ડેલુ મૂળ રાજસ્થાનના બિકાનેર જિલ્લાના નોખા તાલુકામાં આવેલા રાસીસર ગામના રહેવાસી છે. પ્રેમસુખ ડેલુનો જન્મ અહીં ૩ એપ્રિલ ૧૯૮૮ના રોજ ઊંટ ગાડી ચલાવતા રામધન ડેલુ અને ગૃહિણી બુગી દેવીના ઘરે થયો હતો. પ્રેમસુખ ડેલુ ચાર ભાઈ-બહેનોમાં સૌથી નાના છે. મોટા ભાઈ રાજસ્થાન પોલીસમાં કોન્સ્ટેબલ છે. ગુજરાત કેડરના IPS બન્યા બાદ પ્રેમસુખ ડેલુએ ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ ભાનુશ્રી સાથે લગ્ન કર્યા હતા. નાગૌર તહસીલના સાતેરન ગામના એક શિક્ષક દંપતીની પુત્રી ભાનુશ્રીએ સ્નાતક થયા બાદ પીએચડી કરી છે. IPS પ્રેમસુખ ડેલુ અને ભાનુશ્રીના લગ્ન બિકાનેરના શ્રી ગણેશમ રિસોર્ટમાં થયા હતા. સરકારી શાળા-કોલેજમાં અભ્યાસ કરીને અધિકારી બનેલા પ્રેમસુખ ડેલુએ પ્રારંભિક શિક્ષણ તેમના ગામ રાસીસરની સરકારી શાળામાંથી પૂર્ણ કર્યું. આ પછી તેમણે બીકાનેરની સરકારી ડુંગર કોલેજમાં અભ્યાસ કર્યો. ઈતિહાસમાં MA અને B.Ed ની પદવીઓ પ્રાપ્ત કરી હતી. એમ.એ.માં ગોલ્ડમેડલ વિજેતા હતા. ઈતિહાસમાં ય્ઞ-દ્રઈ્ અને ત્નઈહ્ન પરીક્ષા પણ પાસ કરી. પછી તેમણે પિતરાઈ ભાઈ શ્યામ સુંદર ગોદારા સાથે બિકાનેરમાં ભાડાના મકાનમાં રહીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી. શ્યામ સુંદર ગોદારા આરએએસ અધિકારી છે. પ્રેમસુખ ડેલુએ ગ્રેજ્યુએશનપછી પહેલી નોકરી પટવારીની પોસ્ટ પર કરી હતી. વર્ષ ૨૦૧૦ માં પટવારી હોવા છતાં તેમણે એમએ પણ કર્યું અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી ચાલુ રાખી હતી અને ૬ વર્ષમાં ૧૨ નોકરીઓ મેળવી હતી. આજે તેઓ જામનગરમાં એસપી તરીકે ફરજ બજાવી રહ્યાં છે. IPS પ્રેમસુખ ડેલુને પહેલા પટવારીની નોકરી મળી. આ પછી તેમણે રાજસ્થાન ગ્રામસેવકની પરીક્ષામાં બીજું સ્થાન મેળવ્યું. પરંતુ તેમણે તેમની તૈયારી ચાલુ રાખી અને રાજસ્થાન આસિસ્ટન્ટ જેલરની ભરતીની પરીક્ષા પાસ કરી એટલું જ નહીં ટોપર પણ રહ્યા હતા. જેલરનું પદ સંભાળતા પહેલા જ તેઓ રાજસ્થાન પોલીસમાં સબ ઈન્સ્પેક્ટર બન્યા હતા. ત્યાં સુધીમાં યુજીસી નેટની પરીક્ષા પાસ કરવાની સાથે તેમણે બી.એડ પણ કરી લીધુ હતું. હવે તેને કોલેજમાં લેક્ચરરની નોકરી મળી ગઈ. આ પછી તેણે UPSC સિવિલ સર્વિસની પરીક્ષા આપવાનું નક્કી કર્યું. આ પછી તેઓ રાજસ્થાન પીસીએસ પરીક્ષા દ્વારા તહસીલદાર પદ માટે પસંદ થયા. તહસીલદાર જેવા અત્યંત વ્યસ્ત અને જવાબદાર પદ પર હોવા છતાં તેમણે આઈએએસ બનવાનું સ્વપ્ન છોડ્યું ન હતું. ઓફિસની ડ્યુટી પૂરી કરીને તેમણે અભ્યાસ ચાલુ રાખ્યો. અંતે, વર્ષ ૨૦૧૫ માં તેમણે બીજા પ્રયાસમાં UPSC સિવિલ સર્વિસ પરીક્ષામાં સફળતા મેળવી. તેઓ આઈપીએસ બન્યા. પ્રેમસુખ ડેલુનો ઓલ ઈન્ડિયા રેન્ક ૧૭૦ હતો. તેમનું પ્રથમ પોસ્ટિંગ ગુજરાતના અમરેલી જિલ્લામાં ACP તરીકે થયું હતું.

શ્રી બિલેશ્વરની સ્થાપનાની કથા

ભગવાન શ્રી કૃષ્ણ ગોકુળથી મથુરા ગયા અને પોતાના મામા એટલે કે, કંસમામાને માર્યા અને ત્યાર પછી પિતા વાસુદેવ, માતા દેવકી અને નાના ઉગ્રસેન વગેરેને મુક્ત કરી સર્વે યાદવોને બોલાવી કંસના પિતા ઉગ્રસેનને રાજ આપી દીધું. ત્યાર પછી ભગવાન શ્રી કૃષ્ણ સમુદ્રના મધ્યમાં બાર યોજનમાં વિસ્તાર હતો તે શુભ સ્થળે દ્વારકા નગરીનું નિર્માણ વિશ્વકર્માની પાસે કરાવ્યું. પછી યોગ માયાના પ્રભાવ વડે વસુદેવ વગેરેને ત્યાં પહોંચાડી તેમના ઉપર રાજયની જવાબદારી મૂકી અને ભગવાન શ્રી કૃષ્ણ પોતે મુચકુંદ નામના સુતેલા રાજા પાસે ગયા. ત્યાં ભગવાન એવા દ્રશ્યોએ ભગવાન શ્રી કૃષ્ણને પીડા ઉપજાવવાનું શરૂ કર્યું. ત્યાર પછી રૈવત નામના પર્વત પર તેમને શિવના ગણ અને શિવજીના અનન્ય ભક્ત ઉપમન્યુ તેમને મળ્યા એટલે ભગવાન શ્રી કૃષ્ણએ ઉપમન્યુને પૂછ્યું કે આ લોકમાં મારે જયની પ્રાપ્તિ કરવી છે. તો મારે શું કરવું ?

ભગવાન શ્રી કૃષ્ણના પ્રશ્નનો જવાબ આપતા ઉપમન્યુએ કહ્યું, "તમે તો વિષ્ણુ સ્વરૂપ છો. માટે તમે શિવજીને કેમ સેવતા નથી. તમને તો મહાદેવજી સદાયને માટે સહાય છે. માટે તમે શિવ ઉપાસના કરો તે થકી તમે સર્વને પ્રાપ્ત કરશો. માટે તેની નિરંતર પૂજા કરો. એ રીતે ઉપમન્યએ જેને કહ્યું તે શ્રી કૃષ્ણ ભગવાને ઉપમન્યુ થકી મંત્ર તથા આરાધના વિધી ગ્રહણ પછી સાત મહિના સુધી સતત સતપત્ર, બિલીપત્ર, કમળ, પુષ્પ, કુશ, કરેણ, દૂર્વા, અર્ક, પુષ્પ વગેરે ફૂલોથી ભગવાન શંકરની સેવા કરી. આ પ્રકારની સેવાથી શ્રી કૃષ્ણ ભગવાન પર મહાદેવજી પ્રરા થયા તેથી તેમણે શ્રી કૃષ્ણને વરદાન માંગવા કહ્યું. ત્યારે ભગવાન વાસુદેવે કહ્યું, દેત્યો વડે પીડિત થવાથી હું તમારે શરણે આવ્યો છું. એ રીતે ભગવાન શ્રી કૃષ્ણને શિવજીની પ્રાર્થના કરી, પ્રસન્ન થયેલા શિવજીએ આશિર્વાદ આપ્યા કે, ધન, ધાન્ય, પત્ર , સતુલ એવું સામર્થ્ય તમને સર્વથા પ્રાપ્ત થાય.

વળી, માતા ભવાનીએ પણ શ્રી કૃષ્ણને વિવિધ પ્રકારનું ફળ આપ્યું. ભગવાન શ્રી કૃષ્ણએ ત્યાં જ પૂજા કરી અને ત્યાર પછી શિવજીએ શ્રી કૃષ્ણને દ્વારકા જવાનું કહ્યું અને વધુમાં કહ્યું કે, તમારું હું નિરંતર શુભ વૃધ્ધી પમાડીશ. પછી ભગવાન શ્રીકૃષ્ણ દ્વારકા ગયા અને સર્વ જાતને પાળવા લાગ્યા.

જયાં ભગવાન શ્રી કૃષ્ણએ શિવજીનું પૂજા કરેલ ત્યાં બિલેશ્વર મહાદેવ થયા. આજે પણ ત્યાં શ્રી બિલેશ્વર મહાદેવ સદાય બિરાજમાન છે. ત્યાં સાત મહિના સુધી ભગવાન શ્રી કૃષ્ણએ શિવજીને પ્રસન્ન કરવા માટે નિરંતર બિલ્વદલ અર્પણ કરેલા તેથી જ તે બિલેશ્વર નામે પ્રસિદ્ધ છે .

શ્રાવણ સત્સંગ

શિવજીએ શ્રી વિષ્ણુને સુદર્શન ચક્ર અર્પણ કર્યું...

એક સમયે દૈત્યો ખૂબ જ બળવાન થઈ અને ધર્મનો લેપ કરવા લાગ્યા હતા. તે વખતે દૈત્યો વડે પીડિત થયેલા તુ દેવતાઓએ ભગવાન શ્રી વિષ્ણુ પાસે પ્રાર્થના કરી અને કહ્યું કે, દૈત્યો અમને ત્રાસ આપે છે. માટે અમને મુકિત અપાવો અમે તમારે શરણે આવ્યા છીએ."

વિષ્ણુ ભગવાને દેવતાઓને હૈયા ધારણા આપતા કહ્યું, " આ શત્રુ બલિષ્ટ છે માટે તમેને પ્રયત્નથી જીતવા પડે તે માટે ભગવાન શંકરની મદદની જરૂર હોઈ હું ભગવાન શંકરનું આરાધન કરીશ અને ભગવાન શંકર મને પ્રસંન્ન થશે એટલે હું તમારું કાર્ય અવશ્ય કરીશ. આ પ્રમાણે વિષ્ણુ ભગવાને જવાબ આપ્યો એટલે સૌ દેવતાઓ પોતપોતાના સ્થાને ગયા, ત્યાર પછી દેવતાઓનો જય કરવા માટે ભગવાન વિષ્ણુએ શિવજીને પ્રસન્ન કરવા માટે કૈલાશની સમીન જઈ અને તપસ્યા કરી. પાર્થીવ લિંગનું શાસ્ત્રોક્ત વિધાનથી નાના પ્રકારના મંત્રો તથા સ્ત્રોતો વગેરેથી શંકરજીને પ્રસન્ન કરવા પ્રયત્નો શરૂ કર્યા.

હરિ એવા વિષ્ણુ ભગવાને પ્રતિજ્ઞા લીધી કે, જયાં સુધી સાક્ષાત શિવજી પ્રસન્ન ન થાય ત્યાં સુધી તપસ્યાના સ્થળથી હટીશ નહીં . પછી માનસરોવરમાંથી મંગાવેલા કમળો વડે મહાદેવજીનું પૂજન કરવા લાગ્યા ત્યારે પણ શિવજી પ્રસન્ન ન થયા તેથી ભગવાન વિષ્ણુ વિચાર મગ્ન બન્યા. બહુ વિચાર પછી કષ્ટરૂપ તપ કર્યું. એ રીતે પણ તપ કર્યા પછીએ સદાશિવ પ્રસન્ન થયા નહીં. આખરે શિવજીના સહસ્ત્ર નામનું એક પછી એક ઉચ્ચાર કરી પરમહર્ષથી પ્રભુના મસ્તક પર એક એક કમળ અર્પણ કરવા લાગ્યા. ત્યારે ભગવાન સદાશિવને વિષ્ણુ ભગવાનની ભકિતની પરીક્ષા કરવાની ઈચ્છા થઈ. તેથી હજાર કમળ માંગી એક કમળ હર એવા મહાદેવજીએ હરિ લીધું. શિવજીની આ અદભુત લીલાને વિષ્ણુ ભગવાન જાણી શક્યા નહીં, જેથી પૂર્વ સંકલ્પ પ્રમાણે વિષ્ણુ સહસ્ત્ર કમળમાં એક કમળ ઓછું થયું જાણી શ્રી વિષ્ણુ સંખ્યા પૂરી કરવા પોતાનું નેત્ર કમળ કાઢયું. બરાબર એ જ સમયે ભગવાન સદાશિવ પ્રગટ થયા અને શ્રી હરિને સંબોધી અને કહ્યું કે, " તમારી ઉપર હું પ્રસન્ન થયો છું માટે તમે વરદાન માંગો. તમે જે માંગશો તે આપવા હું તત્પર છું."

શિવજીના વચનનું શ્રવણ કરી ભગવાન વિષ્ણુ ખૂબ જ હર્ષપામ્યા અને શિવજીને સંબોધીને કહ્યું, "હે શંકર ! હે મહાદેવ ! તમારી પાસે હું શું યાચના કરુ ? તમે તો અંતરયામી છો અને સર્વના હૃદયમાં રહ્યાં છો. આ દૈત્યોને લીધે સમગ્ર વિશ્વ પીડા ભોગવે છે માટે તેને સુખ આપો. દૈત્યોને હણવા માટે કોઈ આયુધ પ્રવર્તમાન નથી. માટે હું તમારે શરણે આવ્યો છું.' એમ કહી પરમાત્મા એવા શિવને નમસ્કાર કરી ઉભા રહ્યાં. ત્યારે પ્રસન્ન થયેલા શિવજીને સુદર્શન નામનું ચક્ર ભગવાન વિષ્ણુને આપ્યું. તેના વડે શ્રી હરિ એ સર્વે દૈત્યોને પીડિત કર્યા અને દેવતાઓને દૈત્યોની પીડામાંથી મુક્ત કર્યા.

કનકચંદ્ર છગનલાલ વ્યાસ
દેવેન કનકચંદ્ર વ્યાસ

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

વિદ્યા તો કામધેનુ છે.

- ચાણક્ય

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ફરવરદીન-૧૩૯૩, મુ. સફર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, શ્રાવણ વદ-૧૩ મંગલાગૌરી પૂજન, ભોમ પ્રદોષ, જૈન પર્યુષણ પ્રારંભ-ચતુર્થી પક્ષ તા.૧૨ સપ્ટેમ્બર ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૨૮, મુસ્લિમ તા.૨૬, આશ્લેષા નક્ષત્ર, શિવ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૩૭, સૂ.અ.૬:૫૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ), રાત્રે ૧૧:૦૨ ક.પછી જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : ગૃહસ્થ જીવનમાં આનંદ રહે. વણસેલા સંબંધો સુધરે.
વૃષભ : કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ થાય. રોકાયેલા નાણા છૂટા થાય.
મિથુન : વ્યર્થ ચિંતા દૂર થાય. આનંદપૂર્ણ દિવસ વિતે.
કર્ક : મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકો. તકનો લાભ ઉઠાવજો.
સિંહ : લાંબાસમયથી અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. મનની મૂંઝવણ દૂર થાય.
કન્યા : વ્યર્થ ક્રોધથી દૂર રહેવું. આંધળો વિશ્વાસ મૂકીને કામ કરવાની વૃતિ ટાળવી.
તુલા : યશ, માનના ભાગીદાર બનશો. આર્થિક લાભ મળે.
વૃશ્ચિક સ્વભાવમાં ઉગ્રતા રહે. ધારી સફળતામાં વિલંબ રહે.
ધન : મનની મૂંઝવણ મનમાં રહે. વ્યર્થ ક્રોધ રહે.
મકર : અચાનક પ્રવાસ થાય. મહામહેનતે કાર્યોમાં સફળતા મળે.
કુંભ : કાર્યબોજ વિશેષ રહે. શેર-સટ્ટા, લોટરીમાં લાભ મળે.
મીન : આર્થિક લાભ રહે. મનની મુરાદ બર આવે.

ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ (GSOS)અધવચ્ચે અભ્યાસ છોડી દેનારા માટે આશીર્વાદરૂપ

રાજ્યમાં અગાઉ મૃતપ્રાય થયેલ ઓપન સ્કૂલ પ્રોજેકટ ફરી કાર્યાન્વિત કરવાનો નિર્ણય

હવે ઓપન સ્કૂલમાં માત્ર બોર્ડની પરીક્ષા આપવા પૂરતું નહીં પરંતુ અભ્યાસ પણ કરી શકાશે : વિદ્યાર્થીઓ માટે સ્ટડી સેન્ટર શરૂ કરાશે : ચાલુ વર્ષથી જ રજિસ્ટ્રેશન કરાવી શકાશે

ગાંધીનગર,તા.૧૨

કેટલાક વર્ષો પહેલા ગુજરાત સરકારે રાજયમાં ઓપન સ્કૂલ એટલે કે અભ્યાસ છોડી દેનારા અથવા તો અમુક સમયગાળા બાદ ફરી શિક્ષણ મેળવવા માગતા વિદ્યાર્થીઓ માટે ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ (GSOS) શરૂ કરવામાં આવી હતી. જેને જે તે સમયે શાળાઓ દ્વારા યોગ્ય રિસ્પોન્સ ન અપાતા તથા આવા વિદ્યાર્થીઓને સેન્ટર શાળા દ્વારા યોગ્ય પ્રતિસાદ ન અપાતો હોવાની ફરિયાદોને પગલે ધીમે ધીમે ઓપન સ્કૂલ પ્રોજેકટ બંધ થઈ જવાની સ્થિતિમાં આવી ગયો છે. જેને હવે સરકાર પુર્નઃ કાર્યાન્વિત કરવા જઈ રહી છે જેમાં આ વખતે માત્ર બોર્ડની પરીક્ષા જ નહીં પરંતુ તેની સાથે વિદ્યાર્થીઓને શિક્ષણ પણ મળી શકશે. પ્રાપ્ત માહિતી અનુસાર, વિવિધ કારણોસર સ્કૂલ છોડીને જતાં બાળકોને અધુરૂ શિક્ષણ પૂરૂં પાડવા માટે ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ (GSOS) ૨૦૧૦માં શરૂ કરવા ઠરાવ કરવામાં આવ્યો હતો. આ માટે સોસાયટીની રચના પણ કરવામાં આવી હતી. જો કે, ત્યારબાદ થોડાક જ સમયમાં ઓપન સ્કૂલ મૃતપાય અવસ્થામાં આવી ગઈ હતી. જો કે, હવે ફરી ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ ધમધમતી થશે. હાલમાં ધો.૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહમાં ખાનગી ઉમેદવાર તરીકે પરીક્ષા આપવા માંગતા વિદ્યાર્થીઓએ GSOS મારફત પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા ઉપરાંત શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી જ વિદ્યાર્થીઓ માધ્યમિક વિભાગમાં ધો.૯ અને ૧૦નો તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના સામાન્ય પ્રવાહમાં ધો.૧૧ અને ૧૨નો અભ્યાસ પણ GSOSના રજિસ્ટર્ડ વિદ્યાર્થી તરીકે કરી શકે તે માટેની વ્યવસ્થા ઊભી કરવા નિર્ણય લેવાયો છે. જે અંતર્ગત હવે કોઈપણ સરકારી, ગ્રાન્ટેડ કે ખાનગી શાળામાં નિયમિત વિદ્યાર્થી તરીકે હાલ નોંધાયેલા ન હોય અને માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિકનો અભ્યાસ કરવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓ GSOSમાં રજિસ્ટર્ડ વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરી શકશે. ઉપરાંત કદી શાળાએ ન ગયા હોય તેવા અથવા શાળામાં દાખલ થયા પછી અધવચ્ચેથી શાળા છોડી દીધી હોય તેવા વિદ્યાર્થી પણ રજિસ્ટર્ડ થઈ શકશે. GSOSમાં રજિસ્ટ્રેશન માટે કોઈપણ પ્રકારની ફી લેવામાં આવશે નહીં અને અભ્યાસ માટે પણ તમામ સેવા નિઃશુલ્ક રહેશે. ધો.૯થી ૧૨મા નોંધણી કરાવવા માટે વિદ્યાર્થીએ પોતાના ઘરની નજીક આવેલી કોઈપણ સરકારી કે ગ્રાન્ટેડ પ્રાથણિક, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાનો સંપર્ક કરવાનો રહેશે. આવા વિદ્યાર્થીને નજીકના બ્લોક રિસોર્સ સેન્ટરથી રજિસ્ટ્રેશન કરાવવાની જવાબદારી જે તે શાળાના આચાર્યની રહેશે. રાજ્યના દરેક તાલુકામાં જે તે તાલુકામાં ચાલતી એક માધ્યમિક શાળાને GSOSના સ્ટડી સેન્ટર તરીકે માન્યતા આપવામાં આવશે અને આ સ્ટડી સેન્ટરની પસંદગીમાં મોડેલ સ્કૂલ્સ, RMSA સ્કૂલ્સ અને સરકારી શાળાઓને પ્રાધાન્ય આપવામાં આવશે. જે ગામમાં ધો.૯થી ૧૨મા GSOSના રજિસ્ટર્ડ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦ કરતા વધુ થાય ત્યાં નજીકની અન્ય માધ્યમિક શાળાને અને જો નજીકમાં માધ્યમિક શાળા ઉપલબ્ધ ન હોય તો પ્રાથમિક શાળાને જે તે તાલુકાના સ્ટડી સેન્ટર ઉપરાંત સપોર્ટ સેન્ટર તરીકે માન્યતા આપવામાં આવશે. સ્ટડી સેન્ટર-સપોર્ટ સેન્ટરના આચાર્ય અને શિક્ષકો દ્વારા GSOSના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે જે તે શાળાના કોમ્પ્યુટર લેબ, સ્માર્ટ કલાસરૂમ, પુસ્તકાલય, પ્રયોગશાળા સહિતની ઉપલબ્ધ સંસાધનોના ઉપયોગ માટેની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાની રહેશે. GSOS ખાતે નોંધાયેલા વિદ્યાર્થીઓ માટે ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પાઠ્યપુસ્તકો અને ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજી લિ. દ્વારા ઉપલબ્ધ કરાયેલા જી-શાળા સહિત તમામ ઈ-કન્ટેન્ટ વિના મૂલ્યે પૂરા પાડવામાં આવશે. GSOSના વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં લેવામાં આવેલા આ નિર્ણયથી વિદ્યાર્થીઓ ફરી અભ્યાસ કરતા થશે તેમ લાગી રહ્યું છે. GSOSમાં ધો.૯ માટે જે તે શૈક્ષણિક વર્ષની પહેલા જૂનના રોજ ૧૩ વર્ષ પૂર્ણ થયેલા હોવા જોઈએ. ધો.૧૦ માટે ૧૪ વર્ષ પૂર્ણ કરેલા હોવા જરૂરી છે. જ્યારે ધો.૧૧ સામાન્ય પ્રવાહ માટે ધો.૧૦ પાસ કરેલા વિદ્યાર્થીનું રજિસ્ટ્રેશન થશે. જ્યારે ધો.૧૨ સામાન્ય પ્રવાહ માટે ધો.૧૦ પાસ કરેલી હોય તે પરીક્ષા વર્ષથી ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા સુધી બે વર્ષ જેટલો સમયગાળો થતો હોય તેવા વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરાવી શકશે. GSOS મારફતે ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને બોર્ડ દ્વારા જ માર્કશીટ અપાશે. વિદ્યાર્થીઓ માટે પ્રશ્નપત્ર પરિરૂપ અને વિષય માળખુ નિયમિત વિદ્યાર્થીઓ માટે અમલમાં હોય તે મુજબનું જ રહેશે. GSOSના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા નિયમિત વિદ્યાર્થીઓ સાથે જ યોજાશે. પ્રાયોગીક પાસુ ધરાવતા વિષયોની પરીક્ષા સ્ટડી સેન્ટર કે નિર્ધારીત શાળા ખાતે આપવાની રહેશે. ધો.૧૦ અને ૧૨મા હાજરી તૂટના કારણે નિયમિત વિદ્યાર્થી તરીકે આવેદન ન કરી શકનારા વિદ્યાર્થીઓ પણ GSOS મારફતે આવેદન કરી શકશે. ધો.૯થી ૧૨ના વિદ્યાર્થીઓએ સ્ટડી સેન્ટરમાં સત્રાંત પરીક્ષા અને ગૃહકાર્યનો પણ લાભ મળશે, પરંતુ તે મરજિયાત રહેશે. પરીક્ષા પાસ કરનારા વિદ્યાર્થીઓ નિયમિત વિદ્યાર્થીઓની જેમ આગળ પ્રવેશ મેળવી શકશે.

રાજ્યના ૫૦ હજારથી વધુ ખાનગી વિદ્યાર્થીઓને GSOSમાંથી પરીક્ષાનો લાભ મળશે

શિક્ષણ બોર્ડે ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ (GSOS)ના માધ્યમથી શાળા બહારના ખાનગી વિદ્યાર્થીઓને પણ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષા માટેના ફોર્મ ભરવાની મંજુરી અપાતા હવે દરવર્ષે સરેરાશ ૫૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ GSOSમાંથી ફોર્મ ભરી શકશે. ચાલુ વર્ષે ધોરણ-૧૦ના ૧૬ હજાર અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ૩૪ હજાર જેટલા ખાનગી વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે હવેથી GSOSના માધ્યમથી ફોર્મ ભરી બોર્ડની પરીક્ષા આપી શકશે.

શિક્ષણ બોર્ડ દ્વારા શાળા બહારના વિદ્યાર્થીઓ પણ બોર્ડની પરીક્ષા અભ્યાસ કરીને આપી શકે તે માટે ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલને ફરી ધમધમતી કરી છે. જેમાં હવે દરવર્ષે રાજયના ૫૦ હજાર જેટલા ખાનગી વિદ્યાર્થીઓ GSOSમાંથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી શકશે. હાલમાં આ વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા માટે ધક્કા ખાવા પડતા હતા, પરંતુ હવે તેઓ સરળતાથી બોર્ડની પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે. આ ઉપરાંત રિપીટર વિદ્યાર્થીઓ કે જે હાલમાં GSOSમાંથી બોર્ડની પરીક્ષા આપે છે તેમની સંખ્યા પણ ૧.૯૫ લાખ જેટલી થવા જાય છે.

શિક્ષણ વિભાગ દ્વારા ૨૦૧૦માં શરૂ કરવામાં આવેલી GSOSમાં આમુલ પરિવર્તન કરી ફરી ધમધમતી કરી છે. અત્યાર સુધી GSOSમાં માત્ર વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરી પરીક્ષા આપી શકતા હતા. પરંતુ હવે તેઓ GSOSના માધ્યમથી અભ્યાસ પણ કરી શકશે. રિપીટર વિદ્યાર્થીઓ GSOSમાંથી અત્યાર સુધી સરળતાથી ફોર્મ ભરતા હતા, પરંતુ ખાનગી વિદ્યાર્થીઓ કે જેઓ શાળા બહારના વિદ્યાર્થીઓ છે તેમને ફોર્મ ભરવામાં મુશ્કેલીઓ આવતી હતી. પરંતુ હવે GSOSમાંથી તેઓ પણ ધોરણ-૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહના ફોર્મ સરળતાથી ભરી શકશે.

૨૦૨૩માં બોર્ડની પરીક્ષામાં ધોરણ-૧૦માં ૧૬ હજાર જેટલા વિદ્યાર્થીઓ ખાનગી ઉમેદવાર તરીકે પરીક્ષા આપવા માટે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૩૪ હજાર જેટલા ખાનગી વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા માટે નોંધાયા હતા. આ વિદ્યાર્થીઓ હવેથી GSOSના માધ્યમથી બોર્ડની પરીક્ષામાં ફોર્મ ભરી શકશે. જેથી અંદાજ પ્રમાણે દરવર્ષે ૫૦ હજાર જેટલા ખાનગી વિદ્યાર્થીઓ GSOSમાંથી પરીક્ષા માટે નોંધાશે.

રાજ્યના માછીમારોની હોડીમાં વપરાતા હાઈસ્પીડ ડીઝલની મર્યાદામાં વધારો

ગાંધીનગર,તા.૯

ગુજરાત ભારતનો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું રાજય હોઈ ગુજરાતમાં મત્સ્યોદ્યોગ ક્ષેત્રે પણ વિકાસની પુષ્કળ સંભાવનાઓ રહેલી છે. રાજયના માછીમારો દરિયો ખેડીને માછીમારીમાં સારૂં ઉત્પાદન મેળવી શકે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા માછીમારોના વ્યાપક હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. યાંત્રિક હોડીમાં (બોટમાં) વપરાતા હાઈસ્પીડ ડીઝલ ઉપર વેટ રાહત આપવાની યોજનામાં હોર્સપાવર દીઠ ટ્રીપવાર મળવાપાત્ર ડીઝલના જથ્થાની મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. રાજયના મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા હેઠળ માછીમારીની ૨૦ મીટરથી ઓછી લંબાઈ ધરાવતી યાંત્રિક હોડીમાં (બોટમાં) વપરાતા હાઈસ્પીડ ડીઝલ ઉપર ૧૦૦ટકા વેટ રાહત આપવાની યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત માછીમારોને હોર્સ પાવર દીઠ ટ્રીપવાર ડીઝલના જથ્થા ઉપર વેટ રાહત આપવામાં આવે છે હોર્સ પાવર દીઠ ટ્રીપવાર મળવા પાત્ર ડીઝલના જથ્થાની મર્યાદામાં વધારો કરવા મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. મંત્રી રાઘવજી પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે રાજયના માછીમારોને અગાઉ ૧થી ૪૪ હાઈપાવરની યાંત્રિક હોડીમાં ૨૫૦ લીટર ટ્રીપવાર મહત્તમ ડીઝલ અપાતું હતું. જેની મર્યાદા વધારીને ૩૦૦ લીટર કરાઈ છે. તેવી જ રીતે ૪૫થી ૭૫ હોર્સપાવરની હોડીમાં ૫૦૦ લીટર ડીઝલના જથ્થામાં ૧૦૦ લીટરનો વધારો કરવામાં આવ્યો છે જેથી ટ્રીપપાવર ડીઝલના જથ્થાની મર્યાદા ૬૦૦ લીટર રહેશે. એ જ રીતે ૭૫થી ૧૦૦ હોર્સ પાવર તેમજ ૧૦૧થી વધુ હોર્સપાવરની હોડીના ડીઝલ જથ્થામાં ૨૦૦ લીટરનો વધારો કરી, ૪,૦૦૦ લીટરની જગ્યાએ નવો ટ્રીપવાર જથ્થો ૪૨૦૦ લીટર જથ્થો અપાશે. તેમણે ઉમેર્યું કે મત્સ્યોદ્યોગ ખાતાના આ મહત્વપૂર્ણ નિર્ણયથી માછીમારો અને તેમના એસોસિએશનમાં ખુશી વ્યાપી જવા પામી છે. હાલના સમયમાં માછીમારોએ માછીમારી માટે દરિયામાં ઘણા ઊંડે સુધી જવું પડતું હોય છે, અને એટલે જ તેમની ટ્રીપના દિવસોમાં પણ વધારો થયો છે. રાજયના વિવિધ માછીમારી એસોસિએશન દ્વારા જથ્થામાં વધારો કરવા અંગે મળેલી રજૂઆતોને ધ્યાને લઈ રાજય સરકાર દ્વારા આ હકારાત્મક નિર્ણય કરવામાં આવ્યો છે, જેથી રાજયમાં માછીમારીના ઉત્પાદનમાં ચોક્કસપણે વધારો તો થશે જ અને સાથે સાથે માછીમારોને માછીમારીમાં થતા ખર્ચમાં પણ રાહત મળતા તેમનું આર્થિક ભારણ ઘટશે.

વૈજ્ઞાનિકોએ ગંદા પાણીમાંથી વીજળી ઉત્પન્ન કરવા માટેના બેક્ટેરિયા ઉત્પન્ન કર્યા

લંડન, તા.૧૨

વૈજ્ઞાનિકોએ ગંદા પાણીમાંથી વીજળી ઉત્પન્ન કરવા માટે ઈ. કોલી બેક્ટેરિયા જેવા સૂક્ષ્મજીવાણુનું એન્જિનિયરિંગ કર્યુંછે. બાયોઈલેક્ટ્રોનિક્સમાં આ સિદ્ધિ એક નવતર અભિગમની રૂપરેખા આપે છે જે કચરાના વ્યવસ્થાપન અને ઊર્જા ઉત્પાદન બંનેમાં ક્રાંતિ લાવી શકે છે. સ્વિટ્ઝર્લેન્ડના લૉસનેમાં આવેલી જાહેર સંશોધન યુનિવર્સિટી, EPFLના પ્રોફેસર આર્ડેમિસ બોગોસિયને જણાવ્યું હતું કે, આ સૂક્ષ્મજીવાણુઓ છે જે કુદરતી રીતે વીજળી ઉત્પન્ન કરે છે, તેઓ માત્ર ચોક્કસ રસાયણોની હાજરીમાં જ આવું કરી શકે છે. E. coli બેક્ટેરિયા તેના સ્ત્રોતોની વિશાળ શ્રેણી ઉપર વૃદ્ધિ પામી શકે છે, અને ગંદા પાણી સહિતના વાતાવરણમાં તેઓએ વીજળી ઉત્પન્ન કરવાની ક્ષમતા દર્શાવી હતી. ઈ. કોલી બેક્ટેરિયાને એક્સ્ટ્રા સેલ્યુલર ઈલેક્ટ્રોન ટ્રાન્સફર (ઈઈટી) તરીકે ઓળખાતી પ્રક્રિયા દ્વારા વીજળી બનાવવા માટે ઉપયોગ કરવામાં આવ્યો છે. સંશોધકોએ EET પ્રદર્શિત કરવા માટે બેક્ટેરિયાનું એન્જિનિયરિંગ કર્યું, જે તેમને અત્યંત કાર્યક્ષમ “ઈલેક્ટ્રિક સૂક્ષ્મજીવાણુઓ” બનાવે છે.

જૂનાગઢની હેરીટેજ વિરાસતને બચાવવા માસ્ટર પ્લાન બનાવી અમલ કરવા રજુઆત

જો ૨૦૦૦ વર્ષ જૂના ઉપકોટનું પુર્નઃ નિર્માણ થઈ શકતું હોય તો આ ઈમારતોનું પણ થઈ શકે આપણા ઈતીહાસનો આ અમૂલ્ય વારસો છે તેનું જતન કરવું જોઈએ.

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ જીલ્લા કલેકટરને પત્ર પાઠવી મધુર સોશ્યલ ગૃપના સલીમ ગુજરાતી, શ્રી વાસ્તવ, નરેશ શાશીયા, અમિષ ગોષાઈ વગેરેએ રજુઆત કરતા જણાવેલ છે કે જૂનાગઢ શહેર ધાર્મિક પૌરાણીક ઐતિહાસીક અને સ્થાપત્ય કલાની દ્રષ્ટીએ સંપૂર્ણ યાત્રાધામનો વારસો ધરાવે છે. અહીં ૨૦૦૦ વર્ષ જૂનો ઉપરકોટનો કિલ્લાની પ્રાચીન વિરાસત જૈન હિન્દુ, બૌધ્ધ, ક્રિશ્ચયન અને ઈસ્લામી સંસ્કૃતિ અને ધર્મ સ્થાનોની આગવી વિરાસતની સાથે સાથે બ્રિટિશકાળ અને નવાબ શાસનની ઈમારતોનો અદભુત વારસો શહેરમાં ઉપલબ્ધ છે. ભવનાથમાં શિવરાત્રી પરિક્રમાનો મેળો, દાતાર જમિયલશાનો વાર્ષિક ઉર્ષ મેળામાં દેશ વિદેશના લોકો આવે છે. જૂનાગઢમાં આવકનું મુખ્ય સ્રોત જ પ્રવાસન ઉદ્યોગ છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી શહેરમાં જર્જરીત ઈમારતોના નામે સરકારી અને ખાનગી ઈમારતો તોડી પાડવાની અવિવેકી કાર્યવાહી શરૂ થઈ છે જેનાથી શહેરની ઓળખ નામશેષ થઈ જાય તેવો ભય ઉભો થયો છે. જુનાગઢના નવાબ કાલીન શહેરની રચના ૩૦૦ વર્ષ જુની છે અને બ્રિટિશકાળના ભવ્ય રાજમહેલો અને બજારોથી શહેર એક આગવી ઓળખ ધરાવે છે ત્યારે વૈશ્વીક ધોરણે જોવા જઈએ તો જુના જમાનામાં જયાં શાસન કેન્દ્ર હોય તેવી રાજાની કચેરી હાલમાં આબેહુબ જળવાયેલી હોય તેવી જૂનાગઢનું દરબાર હોલ મ્યુઝીયમ ભવ્ય વિરાસત ધરાવતું હતું. જેનો મેનેજમેન્ટના અભાવે અન્ય જગ્યાએ તબદીલ કરવામાં આવ્યું. હવે આ દરબાર હોલનું આખેઆખુ ઈમારત જાણે કે જર્જરીત થવા માટે મુકી દીધું હોય તેવી હાલત ઉભી થઈ છે. જયારે ખરેખર જો થોડી ખેવના કરવામાં આવે તો જૂનાગઢને હેરીટેજ સીટીનો દરજ્જો મળી શકે છે.

જૂનાગઢના પૌરાણીક ઐતીહાસીક ધાર્મિક અને સાંસ્કૃતિક વારસાનું જતન કરવું આપણાં સૌની ફરજ છે. ત્યારે રાજય સરકાર, ટુરીઝમ વિભાગ, પુરાતત્વ વિભાગ દ્વારા તાત્કાલીક કાર્યવાહી કરવી જોઈએ તે માટે લોકોએ સામાજીક સંસ્થાઓ, એનજીઓ વગેરેએ પ્રયત્નો કરવા જોઈએ. જુના બાંધકામ માત્ર થોડા રીપેરીંગ થી જ આખી ઈમારત બચી જાય છે. ત્યારે શહેરની જુની ઈમારતોને જર્જરીત ગણીને ઉતારી લેવાના બદલે તેનું રીનોવેશન અને બ્યુટીફિકેશન કરવા માટે માસ્ટર પ્લાન જરૂરી છે. અમારી સંસ્થા જૂનાગઢ શહેરના વિકાસ માટે નાગરીકો તરફથી માનસર અરજ કરે છે કે જૂનાગઢની ઝવેરાત જેવા જુના રાજમહેલો અને પૌરાણીક સ્થાપત્ય મહેલ જેવા બાંધકામો મસ્જીદો, મંદિરો અને ખાનગી મિલ્કતોને દુરસ્ત કરી જાળવી રાખવા માટે સરકારે પહેલ કરવી જોઈએ તેમ અંતમાં જણાવેલ છે.

સરકારનો ગુજરાત સ્ટેટ ઓપન બોર્ડનો પરિપત્ર શિક્ષણ નીતિ અને શિક્ષણના અધિકાર કાયદાથી વિપરીત

સરકારની નીતિથી મોટા ટ્યુશન ક્લાસિસોને ઓફિશિયલ નોન-અટેન્ડિંગ વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન કરવાનો પરવાનો મળશે : નવો પરિપત્ર પાછલે બારણે ડમી શાળાઓ અને ડે સ્કૂલોને કાયદાકીય રીતે મંજૂરીના દ્વાર ખોલીને ટ્યુશન પદ્ધતિને પ્રોત્સાહન આપનાર છે : કોંગ્રેસ

અમદાવાદ, તા.૧૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કો કન્વીનર અને પ્રવક્તા હેમાંગ રાવલે રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પ્રેસ વાર્તામાં જણાવ્યું હતું કે હજી થોડા દિવસ પહેલા પ્રદેશ કોંગ્રેસ દ્વારા ગુજરાતમાં એક લાખ કરતા વધારે વિદ્યાર્થીઓએ ડ્રોપઆઉટ લીધો છે તેઓ આક્ષેપ કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ સરકાર દ્વારા આધિકારીક આંકડો ૧,૧૫,૦૦૦થી વધુ દર્શાવવામાં આવ્યો હતો. ઉપરોક્ત ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે સરકાર શિક્ષણનું સ્થળ સુધારવાના બદલે અવનવા ગતકડા કરતી રહે છે અને એ ગતકડાઓમાં ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલિંગનો પરિપત્ર એ વધુ એક ઉમેરો છે. ઉપરોક્ત પરિપત્ર મુજબ હવે શાળાઓમાં વિદ્યાર્થીઓ હાજરી નહી આપે અને સત્રાંત પરીક્ષા નહી આપે તો પણ તેઓ ધોરણ ૮,૯,૧૦,૧૧ અને ૧૨ની સીધી જ પરીક્ષા આપી શકશે અને તેમને રેગ્યુલર વિદ્યાર્થીની જેમ જ ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ એ માર્કશીટ આપશે. આ પરિપત્રમાં સૌથી મોટી બાબત એ છે કે, ૧૪ વર્ષની ઉંમરે વિદ્યાર્થી ધોરણ ૧૦ની પરીક્ષા આપી શકશે. જ્યારે નવી શિક્ષણ નીતિમાં ૭ વર્ષની ઉંમરે બાળકને શાળામાં મૂકવામાં આવે છે અને જો તે પ્રમાણે ગણવામાં આવે તો વિદ્યાર્થી ધોરણ ૧૦ની પરીક્ષા ૧૬ વર્ષે આપે છે જ્યારે આ પરિપત્રમાં ૧૪ વર્ષની ઉંમરે ધોરણ ૧૦ની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીની પાત્રતા બતાવવામાં આવી છે. એક તરફ વાલીઓ અને વિદ્યાર્થીઓ શાળાઓની દાદાગીરી અને ફરજિયાત ટ્યુશનમાં મોકલવાની પ્રવૃત્તિથી આર્થિક રીતે અને માનસિક રીતે પીસાઈ રહ્યા છે અને બીજી તરફ આખા ગુજરાતમાં ડમી સ્કૂલોનો જે રાફડો ફાટ્યો હતો તેને બંધ કરવાના બદલે આ પરિપત્રથી આવી સ્કૂલોને પ્રોત્સાહન મળશે. વિદ્યાર્થીઓ હાજરી નહીં આપે તો પણ ગુજરાત સ્ટેટ ઓફ બોર્ડમાં રજીસ્ટર થયેલા વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા આપી શકશે તેનો સીધો જ ફાયદો લાખો રૂપિયાની મસ મોટી ફી લેતા કોટા સ્થિત એજ્યુકેશન સેન્ટરના માલિકોને કરાવવામાં આવી રહ્યો છે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અને ગુજરાત ટ્યુશન અધિનિયમ મુજબ ગુજરાતની કોઈપણ શાળાના શિક્ષકો કે ટેકનિકલ સ્ટાફ કે શાળા પોતે શાળાના સમયમાં કે શાળાના સમય બાદ વેતન કે અવેતન, વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારનું ટ્યુશન આપી શકતા નથી પરંતુ ઉપરોક્ત પરિપત્રથી માંડ માંડ આંદોલનથી બંધ થયેલી ડે સ્કૂલો અને સ્કૂલોમાં ચાલતા ટ્યુશન કલાસીસો ફરીથી ધમધમી ઉઠશે. ઉપરોક્ત પરિપત્રમાં ઘણી બધી બાબતો આવરી લેવામાં આવી નથી જેવી કે ધોરણ ૧૦મા ૨૦ માર્ક ઈન્ટર્નલ આપવામાં આવે છે, તો શું એકસરખી પરીક્ષા લેવામાં આવનાર વિદ્યાર્થીઓને આ ઈન્ટર્નલ માર્ક એમને એમ જ આપી દેવામાં આવશે? વિદેશમાં વિદ્યાર્થીઓને ભણવા જવું હોય તો ફોરેન યુનિવર્સિટીમાં ધોરણ ૧૧ અને ૧૨ની માર્કશીટ, ટ્રાન્સસ્ક્રીપ્ટ, એલઓઆર (લેટર ઓફ રિકમન્ડેશન) અને કેરેક્ટર સર્ટિફિકેટની જરૂરિયાત હોય છે. તો આવા વિદ્યાર્થીઓને રેગ્યુલર મોડમાં ન ભણેલાં હોય તો આ સર્ટિફિકેટ કઈ રીતે ઉપલબ્ધ થશે તે પણ જણાવાયું નથી. જે વિદ્યાર્થી શાળાએ નથી જઈ શકતા એ પુસ્તકાલય, પ્રયોગશાળા, વગેરે સુધી કેવી રીતે પહોંચે? તો એનો ખર્ચ તો થવાનો જ નથી. આ માટે શાળાઓને ખર્ચ કરતા અટકાવવી જોઈએ નહિતર ભૂતિયા વિદ્યાર્થીઓ જ ઉભરાશે. અને નિયમિત વિદ્યાર્થીઓના પણ એમાં GSOSમાં ફોર્મ ભરાવશે. કારણ એમાં શાળાની પરીક્ષા, ગૃહકાર્ય વગેરેમાં મુક્તિ આપવામાં આવી છે. શાળાઓ નિયમિત વિદ્યાર્થી ઉપર ધ્યાન આપવાનું જ બંધ કરી દેશે. શાળાઓ માં માત્ર ફોર્મ જ ભરાય એવું હોવું જોઈએ. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને અન્ય કાઉન્સિલ જો ધોરણ ૧૨ ઓપન બોર્ડ દ્વારા કરેલું હોય તો લૉ ફેકલ્ટીમાં એડમિશન આપતી નથી આ બાબતે પણ કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. સરકારની આ નીતિથી નવી શિક્ષણનીતિ અને રાઈટ ટુ એજ્યુકેશનની જોગવાઈઓથી વિપરીત વાત થઈ રહી છે સાથે સાથે મોટા ટ્યુશન ક્લાસીસને ફાયદો કરાવવા ડમી સ્કૂલો અને ડે સ્કૂલોને કાયદાકીય રીતે મંજૂરીના દ્વાર ખોલીને ટ્યુશન પદ્ધતિને વેગ આપવાનો કારસો દેખાઈ રહ્યો છે. ગુજરાતનું શિક્ષણ બોર્ડ પબ્લિસિટી માટે વારંવાર નવા નવા આડેધડ નિર્ણયો કરતું હોય છે ભૂતકાળમાં શિક્ષકો જોડે તીડ ભગાડવાનો પરિપત્ર, લગ્ન પ્રસંગે દિવસો જમણવારમાં કેટલી ડીશો થઈ છે. તેનો પરિપત્ર, શિક્ષકોએ પોતાનો મોબાઈલ આચાર્યશ્રીને જમા કરાવવાનો પરિપત્ર, બાળકોના વજનથી માત્ર ૧૦% વજનનું દફતર હોવું જોઈએ તેવા પરિપત્ર ઘણીવાર વગર વિચારે કરવામાં આવે છે. પરંતુ આ બધું માત્ર પબ્લિસિટી માટે કરવામાં આવી રહ્યું છે કોઈ પણ પ્રકારનું ઈમ્પ્લીમેન્ટેશન થતું નથી. કોઈ પણ નિયમો ઘડતા પહેલા અમલીકરણની ઊંડાઈ તપાસ્યા સિવાય આડેધડ નિર્ણયો કરી ભાજપ સરકાર અને પ્રશાસન શિક્ષકો અને શિક્ષણનું મૂલ્ય ઘટાડી રહી છે. ભાજપના ત્રણ દાયકાના શાસનમાં ગુજરાતના શિક્ષણની અધોગતિ થઈ છે અને તેના પ્રકરણમાં આ પરિપત્રએ ગુજરાતના શિક્ષણના ભવિષ્ય માટે મરણતોલ ફટકા સમાન છે. આ એક ખૂબ જ ગંભીર બાબત છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ શિક્ષણ મંત્રીને ગુજરાતના વાલી અને વિદ્યાર્થીઓના હિતમાં ઉપરોક્ત પરિપત્ર રદ કરવાનો નિર્ણય લેવા વિનંતી કરે છે.

સોમનાથના પી.જે. સોડાવાળા ગાયના ગોબરમાંથી બનેલ ઈકો ફ્રેન્ડલી મૂર્તિનું વેચાણ કરશે

(મિનાક્ષી ભાસ્કર વૈદ્યદ્વારા)

પ્રભાસ પાટણ તા.૧૨

સોમનાથ-પ્રભાસ પાટણ મોટા ઝાંપા શિવ પોલીસ ચોકી સામે આવેલ પી.જે.સોડાવાળાની દુકાન આમ તો ઠંડા પીણાના હિસાબે ધમધમે છે પરંતુ પર્યાવરણ રક્ષણ થાય અને નદી નાળાઓ સ્વચ્છ, શુધ્ધ રહે તે માટે છેલ્લા ત્રણ વર્ષથી નાજીકના શહેરમાંથી માત્રને માત્ર ગાયના પવિત્ર છાણમાંથી બનેલ કલર કે કેમિકલ ડેકોરેશન વગરની મૂર્તિઓ લાવી ભાવિકોને સેવાભાવે વેંચે છે.

આ અંગે હીરા ગઢીયા તથા વાલજી ગઢીયાએ જણાવ્યું હતું કે, આ મૂર્તિ નહીં નફો, નહીં નુકશાનના ટોકન દરે ફકત પર્યાવરણ જાગૃતિ અર્થે વેંચીએ છીએ. આ મૂર્તિની લંબાઈ દોઢ ફુટ છે અને પહોળાઈ બે ફુટ છે. જેની કિંમત રૂા.૫૦૦ રાખેલછે. આ ગણપતિ મૂર્તિ કલર કેમિકલ વગરની હોય છે જેને કારણે જળ પ્રદુષીત થતું નથી અને ઓઈલ પેઈન્ટ પણ આમાં વપરાતો નથી. જે લોકો ઘરમાં જ ગણપતિ મહોત્સવ કરવા માંગતા હોય અને ઘરે જ પ્રતિષ્ઠા કરવા માંગતા હોય તેમના માટે ઈકો ફ્રેન્ડલી ગણપતિ મૂર્તિ ઉપયોગી બને છે. કારણ કે ફુલઝાડના કયારામાં વિસર્જન કરાયતો ખાતર તરીકે કામ આપે અને નદીમાં વિસર્જન કરાય તો ઓગળી જાય, તો કેટલાક લોકો વિસર્જનના થોડા દિવસો પછી તેમાંથી માટીના કોડીયા બનાવી દિવો પ્રગટાવવા ઉપયોગ કરી શકે છે. આનાથી ઘરનું વાતાવરણ શુધ્ધ અને વિસર્જન પણ ઘરમાં જ કરી શકાય છે. ગત વર્ષે માત્ર છ મૂર્તિઓ વેંચાઈ હતી. આ વર્ષે હજુ બે મૂર્તિઓ જ લાવ્યા છીએ લોકોના પ્રતિસાદ મુજબ આગળ વધીશું.

લોઢવા ખાતે આવેલ

કનકેશ્વર મહાદેવ મંદિર આઠમના દિવસે અમરનાથ ગુફાના દર્શનનો લાભ લેતા ભાવિકો

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા. ૧૨

લોઢવા ખાતે મુળ તળાવના કાંઠે આવેલ કનકેશ્વર મહાદેવના સાંનિધ્યમાં કનકેશ્વર મંડળદ્વારા છેલ્લા પાંચ વર્ષથી સાતમ આઠમના તહેવારો નિમિત્તે બાબા અમરનાથ બરફથી બનાવવામાં આવે છે. આ વર્ષે પણ બાબા અમરનાથનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. બાબત અમરનાથના દર્શન માટે મોટી સંખ્યામાં ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો. આ સ્થળ ભવ્ય રમણીય છે. મોટું તળાવ પણ આ સ્થળે આવેલ છે. આ સ્થળ આ વર્ષે ભગવાન કૃષ્ણની મૂર્તિનું પણ અનાવરણ કરેલ છે. તેમજ આખો શ્રાવણ માસ અહીં આવેલ કનકેશ્વર મહાદેવને સવા લાખ બિલ્વપત્રની પણ પૂજા કનકેશ્વર ગ્રુપદ્વારા કરવામાં આવે છે.

બિલખામાં પીએસઆઈ તેમજ સ્ટાફ દ્વારા ચાલીને પેટ્રોલીંગ કરાતા કાયદો-વ્યવસ્થા જડબેસલાક

(સુલતાન ચૌહાણ દ્વારા)

જૂનાગઢ તા. ૧૨

બિલખાના પીએસઆઈ રાજેન્દ્રસિંહ ચુડાસમા અને સમગ્ર સ્ટાફ દ્વારા છેલ્લા એક માસથી સતત ૨૪ કલાક ચાલીને અને બાઈકલઈને પેટ્રોલીંગ કરવામાં આવી રહયું છે. જેના પરિણામે બિલખામાં કાયદો અને વ્યવસ્થા જડબેસલાક જોવા મળી રહી છે. આથી વિશેષ સાતમ આઠમના તહેવારોમાં પણ પોલીસે ચુસ્ત બંદોબસ્ત જાળવતા લોકોએ શાંતિભર્યા વાતાવરણમાં મન ભરીને તહેવારોની મજા માણી હતી. આમ પોલીસની સુંદર કામગીરીનો કારણે લોકોમાં આનંદની લાગણી જોવા મળેછે.

સોમનાથ મહાદેવના દર્શન-પુજા-અર્ચના કરતા ઉત્તર પ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલ

રાજ્યપાલે સોમનાથ મહાદેવની ધ્વજા પૂજા અને સોમેશ્વર પૂજા કરી ધન્યતા અનુભવી હતી

વેરાવળ, તા.૧૨

ઉતર પ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલે ગઈકાલે ગીર-સોમનાથ જિલ્લાનાં પ્રવાસે આવ્યા હતા. શ્રાવણ માસના અંતિમ સોમવારે રાજ્યપાલે સહપરિવાર સોમનાથ મહાદેવના દર્શન અને અભિષેક કર્યા હતા. સાથે જ તેઓએ સોમનાથ મહાદેવની સોમેશ્વર મહાપૂજા અને ધ્વજા પૂજા કરી હતી. તેમજ મંદિર પરિસરની મુલાકાતની સાથે-સાથે રાજ્યપાલશ્રીએ સાગર દર્શન પણ કર્યા હતા.

રાજયપાલશ્રીની સોમનાથ ખાતેની આ મુલાકાત દરમ્યાન વી.આઈ.પી. અતિથિગૃહ ખાતે જિલ્લા કલેકટર એચ.કે.વઢવાણીયા, જિલ્લા વિકાસ અધિકારી રવિન્દ્ર ખતાલે અને સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી પી.કે.લેહરી દ્વારા રાજ્યપાલનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા દ્વારા રાજ્યપાલને સોમનાથ મહાદેવનું સ્મૃતિચિત્ર અને પ્રસાદ કીટ ભેટ આપવામાંઆવી હતી.

માધવપુર ગામે ગેરકાયદેસર દુકાનનું બાંધકામ અને દબાણ હટાવવા લેન્ડ ગ્રેબીંગ અંતર્ગત કાર્યવાહી કરવા કલેકટરને રજુઆત

માધવપુર ઘેડ તા. ૧૨

પોરબંદર તાલુકાના માધવપુર ઘેડ ગામે શહેરના પાદરમાં આવેલ ડો.આંબેડકર ચોકમાં આશરે દશેક વર્ષ પહેલા અહીંના કિરીટ ભગવાનજી ઠકરાર નામના શખ્સએ ચોકની વચ્ચે ગેરકાયદેસર રીતે પાકી દુકાનનું બાંધકામ કરી જગ્યા દબાવી છે.

આ બાંધકામને હટાવવા અહીંના દલીત અગ્રણી અને સામાજીક કાર્યકર શાંતિલાલ મેવાડાએ જે તે વખતે જીલ્લા કલેકટરના સ્વાગત કાર્યક્રમ સહિત લાગતા વળગતા જવાબદાર સત્તાવાળાઓને અનેક વખત લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવામાં આવી હતી. તેમ છતાં આજ દિન સુધી આંબેડકર ચોકમાંથી ગેરકાયદેસર દુકાનનું બાંધકામ હટાવવામાં આવ્યું નાથી. આ બાબતની કાગળ ઉપર કાર્યવાહી કરવામાં આવી છે અને જે તે વખતના માધવપુર ગ્રામ પંચાયતના મહિલા સરપંચને સસ્પેન્ડ કરવામાંઆવ્યા હતા. આ સિવાય દબાણ દુર કરવાની કોઈ નકકર કામગીરી કરવામાં આવી નથી જેને ૧૧ વર્ષ જેટલો સમય વિતવા છતાં આ દબાણને દુર કરવામાં આવ્યું નથી. આજથી છ મહિના પહેલા માધવપુર ગ્રામ પંચાયતમાં હાલના સરપંચ ભનુભાઈ ભુવાને પણ લેખિત રજુઆત કરવામાંઆવી હતી તેમ છતાં આ બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હોવાથી ફરી વખત શાંતિલાલ મેવાડા દ્વારા પોરબંદર જીલ્લા કલેકટર તેમજ જીલ્લા વિકાસ અધિકારીને આ બાબતે રજુઆત કરી આંબેડકર ચોકમાં ગેરકાયદેસર દુકાનનું બાંધકામ અને દબાણકર્તા સામે લેન્ડગ્રેબીંગ મુજબ કાર્યવાહી હાથ ધરવા રજુઆત કરવામાં આવી છે.

બિલખામાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની હિન્દુ ઉત્સવ સમિતિના નેજા હેઠળ ધામધુમથી ઉજવણી

બિલખા તા. ૧૨

બિલખા હિન્દુ ઉત્સવ સમિતિના નેજા હેઠળ સમગ્ર ગ્રામજનો દ્વારા શ્રીકૃષ્ણ ભગવાનના અવતરણ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જન્માષ્ટમીના પર્વે શ્રીકૃષ્ણ ભગવાનની વિશાળ શોભાયાત્રા રાવતેશ્વર ધર્માલયથી નીકળી ગામના મુખ્ય માર્ગો ઉપર ફરી ત્યારબાદ બુધ્ધનાથ પાર્ટી પ્લોટ પહોંચી હતી. જયાં આગળ ધર્મસભામાં પરિવર્તીત થઈ હતી. આજની આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ગ્રામજનો સાથે ધુન મંડળો, બેન્ડ વાજા, ડીજેના સુરોની રમઝટ વચ્ચે ગ્રામજનો કૃષ્ણ ભક્તિના રંગે રંગાયા હતા. સમગ્ર ગામમાં ઠેક ઠેકાણે યુવાનો દ્વારા આકર્ષક ફલોટ્સ બનાવી પ્રસાદીમાં શરબતનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ધર્મસભામાં ઉપસ્થિત સાધુ-સંતોએ શ્રીકૃષ્ણ ભગવાનના જીવન વિષે વકતવ્ય આપી ગ્રામજનોને રસતરબોળ કર્યા હતા.

સમગ્ર તહેવાર દરમ્યાન બિલખાના પીએસઆઈ રાજેન્દ્રસિંહ ચુડાસમાના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ દ્વારા ચુસ્ત બંદોબસ્ત જાળવવામાં આવ્યો હતો.

અંબાજીમાં ભાદરવી પૂનમ મેળાને લઈ તડામાર તૈયારીઓ

અંબાજી,તા.૧૨

ગુજરાતમાં અંબાજી ખાતે દર વર્ષે ભાદરવી પૂનમે યોજાતા પરંપરાગત મેળામાં લાખો શ્રદ્ધાળુઓ ઉમટે છે કે જેમાં મોટાભાગે પગપાળા યાત્રાળુઓ હોય છે. આ વર્ષે ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન યોજનાર આ ભવ્ય મેળામાં અંદાજે ૪૦ લાખથી વધારે યાત્રાળુઓ પહોંચે તેવી શક્યતા છે. અંબાજી ખાતે આવર્ષે યોજાનાર ભાદરવી પૂનમ મેળામાં યાત્રાળુઓની સુવિધાઓમાં મોટાપાયે વધારો કરવામાં આવનાર છે કે જેમાં સૌથી વિશેષ છે અદ્ભુત તથા દિવ્ય લાઈટિંગ. સમગ્ર અંબાજીમાં લાઈટિંગનો એવો ઝળહળાટ ઊભો કરવામાં આવશે કે ભકતોને ચોતરફ માતાજીની ઝાંખી જોવા મળશે. યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ આર. આર. રાવલે જણાવ્યું, “યાત્રાળુઓની આસ્થાને અનુરૂપ વ્યવસ્થા એ અમારો ઉદ્દેશ છે.” તેમણે જણાવ્યું કે રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૩ના અંબાજી ભાદરવી પૂનમના મેળામાં યાત્રાળુઓની સુવિધાઓ તથા વ્યવસ્થાઓ માટે સરકાર દ્વારા જરૂરી નાણાકીય ફાળવણી કરવામાં આવનાર છે. રાવલે અંબાજી મેળા અંગે કરાઈ રહેલી સુવિધાઓ તથા વ્યવસ્થાઓ વિશે માહિતી આપતા જણાવ્યું કે આ વર્ષો અંબાજી આવનાર શ્રદ્ધાળુઓની સુવિધાઓમાં મોટાપાયે વધારો કરવામાં આવી રહ્યો છે કે જેથી કોઈ પણ શ્રદ્ધાળુને અગવડ ન પડે. તેમણે જણાવ્યું કે આ વર્ષે તમામ વિભાગોની તમામ કામગીરીને એકસૂત્રતામાં જાળવવા માટેની કાર્યવાહી કરવામાં આવેલ છે, તેમજ ગત વર્ષના આયોજનમાં પણ વધારો કરવામાં આવ્યો છે. અંબાજી પગપાળા યાત્રાળુઓ માટે ગત વર્ષે ૪૦૦૦ ચો.મી વિસ્તારમાં વૉટરપ્રૂફ ડોમની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં વધારો કરીને આ વર્ષે ૯૦૦૦ ચો.મી વિસ્તારને સાંકળી આયોજન કરવામાં આવેલ છે. તેના કારણે વધુ યાત્રાળુઓ આરામ કરી શકશે. ચાર અલગ-અલગ સ્થળોએ બનનાર આ ૪ વૉટરપ્રૂફ ડોમમાં યાત્રાળુઓ માટે અંદાજે ૧૨૦૦ બેડની સુવિધા, અન્ય એક મલ્ટી પર્પઝ ડોમની સુવિધા, શૌચાલય, સીસીટીવી કેમેરા, મોબાઇલ ચાર્જિંગની વ્યવસ્થા, હાઉસકીપિંગ સર્વિસ, સાઈનેજિસ, ફલોર કાર્પેટ, ફ્લૅગ પોલ, પીવાના પાણીની વ્યવસ્થા, ઈલેક્ટ્રિફિકેશનની વ્યવસ્થા, અગ્નિશામક સાધનો વગેરેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. હડાદ અને દાંતા, આ બન્ને માર્ગો પર શૌચાલય અને બાથરૂમની વ્યવથા કરવામાં આવી રહી છે, જેમાં યાત્રાળુઓની સુવિધા માટે ગરમ પાણીની વ્યવસ્થા પણ હશે. શૌચાલયની સંખ્યા ગત વર્ષે ૧૮ હતી, જેને વધારીને આ વર્ષે ૨૯ કરવામાં આવી છે. આ તમામ શૌચાલયો કન્ટેનર ટાઈપ અદ્યતન સ્પેસિફિકેશન સાથેના હશે. મેળા દરમ્યાન યાત્રાળુઓની સલામતીની ચુસ્ત વ્યવસ્થા કરવામાં આવશે. વાહનો લઈને આવનાર યાત્રાળુઓ માટે પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવશે. ચોરીના બનાવો ઘટાડવા માટે એકસમાન લાઈટિંગ (૪૦-૫૦ન્ૅઠ), વધારાના ઝઝ્રફ કૅમેરા, યોગ્યઁછ સિસ્ટમ અને પોલીસ પેગોડા સાથે વ્યાપક ૨,૦૦,૦૦૦ ચોરસ મીટર વિસ્તારને આવરી લઈ પાર્કિંગ વિસ્તારને વધારવામાં આવેલ છે. અંબાજીના બંને માર્ગો પર આશ્રય સ્થાનોની સુવિધા, પીવાના પાણીની સુવિધાને સુવ્યવસ્થિત પેવર બ્લૉક ફ્લોરિંગ સાથે અપગ્રેડ કરવામાં આવી છે. મેળામાં હોર્ડિંગ્સ, સાઈનેજ અને સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ માટે એક સમાન થીમ આધારિત ગુણવત્તામાં સુધારો કરવામાં આવ્યો છે. ગત વર્ષે ૧૫૦૦ ચો.મીનાં બદલે આ વર્ષે ૪૫૦૦ ચો.મી સુધી પ્રચાર-પ્રસારની કામગીરી કરવામાં આવશે. ગબ્બર રૂટ, અંબાજી મંદિર અને આસપાસના વિસ્તારો માટે લાઈટિંગ ડિઝાઈનમાં સુધારો કરી આ વર્ષો અદ્ભુત તથા દિવ્ય લાઈટિંગ કરવામાં આવશે, જેથી યાત્રાળુઓ તમામ સ્થળો પર માતાજીની ઝાંખી જોઈ શકશે. આ ઉપરાંત, પ્રચાર-પ્રસાર રૂપે ગુણવત્તાયુકત ફ્લૅગ પોલ્સની સંખ્યા ૧૦૦થી વધારીને ૩૦૦ કરવામાં આવી છે, તેમજ ફૂલ-છોડની સંખ્યા પણ ૨૫૦થી વધારીને ૨૦૦૦ કરવામાં આવી. વિવિધ ક્રાફ્ટ સ્ટોલમાંઆ વર્ષે એક સમાનતા લાવી એક જ ડિઝાઈન પૅટર્ન પર વૉટરપ્રૂફ બનાવવામાં આવશે. પ્રસાદ વિતરણ કેન્દ્રો પણ સામાન્યને બદલે અદ્યતન બનાવવામાં આવશે. એક ક્યુઆર કોડ પણ તૈયાર કરવામાંઆવશે, જેને સ્કૅન કરવાથી સુવિધા અંગેની તમામ માહિતી લોકેશન સાથે મળી રહેશે. યાત્રિકો માટે વિવિધ સેલ્ફી પોઈન્ટ તૈયાર કરવામાં આવનાર છે. અંબાજી ખાતે ઉચ્ચકક્ષાની સ્વચ્છતાની કામગીરી, ૭૫૦ વધુ સફાઈ કામદારો જોડાશે. હાલમાં ગબ્બર પર્વતની સફાઈની કામગીરી કરવા માટેની ખાસ ઝુંબેશ શરુ કરી દેવામાં આવેલ છે. અંબાજી પગપાળા ચાલતા જતા યાત્રાળુઓ માટે મોબાઈલ ટૉયલેટ, બાથરૂમ તથા યૂરીનલની સુવિધા કરવામાં આવી રહી છે. ગાંધીનગરથી અંબાજી, જુદા-જુદા રૂટ પર ચોક્કસ અંતરે ટેમ્પરરી ટૉયલેટ બ્લૉક, બાથરૂમ, ગરમ પાણીની સુવિધાઓ પૂરી પાડવામાં આવનાર છે. અંબાજી યાત્રાધામ ખાતે કુલ ૧૯૫૨૫૬ ચોરસ મીટર વિસ્તારમાં ઉચ્ચકક્ષાની સ્વચ્છતાની કામગીરી સ્વચ્છતા/સફાઈની કામગીરી કરવામાં આવી છે. માત્ર જ મંદિર નહી, પરંતુ મંદિરની આજુબાજુના વિસ્તાર, ગબ્બર, ૫૧ શકિતપીઠ તથા યાત્રાળુઓ/શ્રદ્ધાળુઓનો વધારે ધસારો ધરાવતા વિસ્તારોનો સમાવેશ કરી સફાઈની કામગીરી હાથ ધરવામાંઆવેલ છે.

ખેલૈયામાં નવરાત્રી માટે ઉત્સાહ, પણ વરસાદ રહ્યો તો નવલાં નોરતાં બગડશે

અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં ઓગસ્ટ કોરો ગયા બાદ સપ્ટેમ્બરમાં હવે વરસાદની શરૂઆત થઈ ગઈછે. આ મહિને વરસાદ નહીં થાય તો ખરીફ સિઝનને મોટો ફટકો પડી શકે છે. રાજ્યમાં વરસાદની આગાહી માટે પ્રખ્યાત અંબાલાલ પટેલે આગાહી કરી છે કે સપ્ટેમ્બર બાદ ઓક્ટોબરમાં પણ વરસાદ રહેશે. હવે વેધર ફેક્ટરમાં મોટો બદલાવ થયો છે. જો ઓક્ટોબરમાં વરસાદ રહ્યો તો નવરાત્રિ બગડી શકે છે. ખેલૈયામાં અત્યારથી જ નવરાત્રિ માટે ઉત્સાહ છે એ સમયે વરસાદ રહ્યો તો નવલાં નોરતાં બગડી શકી છે. ગયા વર્ષે પણ નવરાત્રિમાં વરસાદને કારણે નવરાત્રિના કેટલાક દિવસોમાં ખેલૈયા ગરબે રમી શક્યા નહોતા. આ વર્ષે પણ એ સ્થિતિ રિપિટ થાય તેવી શક્યતા અંબાલાલ પટેલ વ્યક્ત કરી રહ્યાં છે. એટલે ભલે તમે નવરાત્રિની તૈયારીઓ કરો પણ તમારી સાથે રમવા માટે વરસાદ પણ તૈયારીઓ કરી રહ્યો છે. એટલે જરા સાચવજો. અંબાલાલનું કહેવું છે કે આ વખતે નવરાત્રિમાં પણ વરસાદ પડી શકે છે. તો વળી દિવાળીના તહેવારોમાં પણ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. અંબાલાલે નવા વર્ષના પ્રારંભે પણ વરસાદ થઈ શકે એવું કહ્યું છે. આંકડામાં જોઈએ તો, ગુજરાતમાં સિઝનનો ૮૬ ટકા વરસાદ વરસ્યો છે. હજુપણ રાજ્યના ૨૦ જિલ્લામાં વરસાદની ઘટ છે. ગતવર્ષે અત્યાર સુધીમાં ૧૦૪ ટકા વરસાદ વરસ્યો હતો. તો ૪૯ તાલુકામાં ૪૦ ઈંચથી વધારે વરસાદ વરસ્યો છે. વલસાડના કપરાડામાં સૌથી વધારે ૧૧૭ ઈંચ વરસાદ પડ્યો છે. ગાંધીનગરમાં સૌથી વધુ ૪૧ ટકા વરસાદની ઘટ છે. વરસાદને લઈને હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલની આગાહી સામે આવી છે. તેઓએ કહ્યું છે કે, સપ્ટેમ્બર મહિનામાં વરસાદ થશે અને ઓક્ટોબર મહિનામાં પણ વરસાદની શક્યતા છે. હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલની આગાહી સામે આવી છે. અંબાલાલ પટેલે કહ્યું છે કે, ૧૩ સપ્ટેમ્બર સુધી રાજયમાં વરસાદી સિસ્ટમ સક્રિય રહેશે. જેને લઈ ઉત્તર અને પૂર્વ ભાગોમાં વરસાદ પડશે. નોંધનીય છે કે, ગઈકાલે પણ રાજયમાં અનેક જગ્યાએ વરસાદ નોંધાયો છે. આ સાથે હવામાન વિભાગ દ્વારા પણ વરસાદની આગાહી કરાઈ છે. ૧૩ સપ્ટેમ્બર સુધી રાજયમાં વરસાદી સિસ્ટમ સક્રિય રહેશે. ૧૪ સપ્ટેમ્બર સુધીમાં નવી સિસ્ટમ બનશે જે મધ્યપ્રદેશ તરફ ખેંચાતા ગુજરાતમાં વરસાદ આવશે. આ સાથે તેમણે ઉમેર્યું કે, ૨૨ સપ્ટેમ્બર બાદ બનતી સિસ્ટમથી ગુજરાતમાં વરસાદ આવશે. ૧૦થી ૧૪ સપ્ટેમ્બરમાં અરબ સાગરમાં સિસ્ટમ બનશે આ તરફ બંગાળ અને અરબ સાગરમાં વરસાદી સિસ્ટમથી વરસાદ આવશે. અંબાલાલ પટેલે જણાવ્યું છે કે, ૧૦ સપ્ટેમ્બરથી એટલે કે આજથી વરસાદી સિસ્ટમ રિટર્ન થશે. ગુજરાતમાં ૧૨ સપ્ટેમ્બર સુધી વરસાદ રહે તેવી શક્યતા છે. ૧૨ સપ્ટેમ્બર બાદ પણ વધુ એક સિસ્ટમ બની રહી છે. આગામી ૧૩ સપ્ટેમ્બરથી ૨૬ સપ્ટેમ્બર સુધી ગરમીનું પ્રમાણ વધશે. ગરમીના કારણે હવાના દબાણ થતાં વરસાદની સંભાવના છે. ૧૪મી સપ્ટેમ્બરે બંગાળના ઉપસાગરમાં મજબૂત સિસ્ટમ બની રહી છે. જેના કારણે દક્ષિણ ગુજરાતમાં વધુ એકવાર ભારે વરસાદની શક્યતા છે. સાથે જ ઉતર ગુજરાતના ભાગોમાં ભારે વરસાદ થવાની સંભવાના છે. સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારોમાં પણ વરસાદની શક્યતા છે. ૨૭ સપ્ટેમ્બરથી ૫ ઓક્ટોબર વચ્ચે ગુજરાતમાં કેટલાકભાગમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા રહેશે. ૧૭ ઓક્ટોબરના રોજ ભારે પવન ફુકાશે અને નવરાત્રીમાં વાદળછાયું વાતાવરણ રહેશે. આગામી ૨૪ કલાક બાદ રાજ્યમાંથી વરસાદનું જોર ઘટશે. જોકે, આગાહીમાં કચ્છમાં વરસાદની શક્યતા નહિવત છે. આગામી ૨૪ કલાક માટે વરસાદની આગાહી આવી ગઈ છે. ૧૧ અને ૧૨ તારીખે ડાંગ, નવસારી, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલીમાં હળવાથી સામાન્ય વરસાદ થવાની શક્યતાઓ છે. આ સ્થળો સિવાય સુરતમાં પણ હળવાથી સામાન્ય વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. ૧૩ સપ્ટેમ્બરે સુરત, નવસારી, નર્મદા, ડાંગ, વલસાડ, તાપી અને દમણ, દાદરા નગર હવેલી તથા સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથમાં વરસાદની શક્યતાઓ છે. હવામાન વિભાગના અપડેટ અનુસાર, આગામી ૨૪ કલાકમાં સારો વરસાદ રહેશે. ખેડા, પંચમહાલમાં ભારે વરસાદ રહેશે, તો અમરેલી, ગીર સોમનાથ, બોટાદમાં પણ વરસાદ રહેશે. આ ઉપરાંત છોટા ઉદેપુર, સુરત, તાપી, ડાંગ આગાહી છે. અમદાવાદમાં ૨૪ કલાકમાં સામાન્ય વરસાદની આગાહી છે. આ ૨૪ કલાકબાદ ગુજરાતમાં વરસાદનું જોર ઘટશે. પરંતુ સપ્ટેમ્બરના ત્રીજા સપ્તાહમાં વરસાદ ફરી દસ્તક દેશે. સાત દિવસની આગાહીમાં ૧૪ અને ૧૫મી સપ્ટેમ્બરે દાહોદ, મહીસાગર, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, છોટાઉદેપુર, નર્મદા, ડાંગ, વલસાડ, તાપી અને દમણ, દાદરા નગર હવેલીમાં હળવાથી સામાન્ય વરસાદ કે થંડરશાવરની શક્યતાઓ છે. જ્યારે સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથમાં પણ હળવાથી સામાન્ય વરસાદની શક્યતાઓ છે. ઉલ્લેખનીય છે કે રાજયમાં અત્યાર સુધીનો સરેરાશ ૯૮ ટકા વરસાદ નોંધાયો છે.

જોકે ઓગસ્ટમાં વરસાદ ખેંચાતા ખેડૂતોની ચિંતા વધારી દીધી હતી. સપ્ટેમ્બરમાં સારો વરસાદ આવે તેવી આશા છે. જોકે, બંગાળની ખાડીમાં લો પ્રેશર સક્રિય થયુ અને તેના કારણે અમુક વિસ્તારમાં સારો વરસાદ થયો છે.

શ્રાવણ માસની પુર્ણાહુતી સાથે આવતીકાલથી આરાવારા : દામોદર કુંડ ખાતે ભાવિકો ઉમટી પડશે

પિતૃઓના મોક્ષાર્થે વહેલી સવારથી જ ભાવિકો દામોદર કુંડ ખાતે ઉપસ્થિત રહી અને વિદ્વાન બ્રહ્મદેવોના માર્ગદર્શન હેઠળ પિતૃતર્પણ વિધી સહિતના કાર્યક્રમોમાં ભાગ લેશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૧૨

આવતીકાલે આરાવારનો પ્રારંભ થતો હોય જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં વિવિધ ધાર્મિક સ્થળોએ તેમાંય ખાસ કરીને જૂનાગઢમાં દામોદર કુંડ, પ્રભાસ-પાટણ, પ્રાચી તીર્થધામ વિગેરેએ પિતૃઓના મોક્ષાર્થે ભાવિકો ઉમટી પડશે અને જયાં તર્પાણ વિધી સહિતના કાર્યક્રમો યોજવામાં આવશે અને પોતાના પિતૃઓના આત્માની શાંતી માટે વિધીવિધાન સાથે ધાર્મિક ક્રિયા કર્મ કરવામાં આવશે અને આ અંગે ધાર્મિક સ્થળોએ આજથી દુર-દુરથી ભાવિકો ઉમટી રહ્યા છે.

ભગવાન શિવજીની પૂજા-અર્ચના અને તેમની ભકિતના અનેરા મહિમા વર્ણવતા શ્રાવણ માસનો જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ભાવિકોએ ભજન, ભકિત અને સેવામાં વ્યતીત કર્યો ભોળાનાથ સમક્ષ ભાવિકોએ પોતાની પ્રાર્થનાઓ રજુ કરી અને આ ભોળીનાથ પણ ભકતજનો ઉપર કૃપા વરસાવી રહ્યા છે. દરમ્યાન ગઈકાલે શ્રાવણ માસનો અંતિમ સોમવાર હોય તે નિમિતે સમગ્ર સૌરાષ્ટ્રના શિવમંદિરોમાં અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. શ્રાવણ માસની પુર્ણાહુતી અને સમાપનના કાર્યક્રમો યોજાયા હતા અને આવતીકાલથી ભારતીય સંસ્કૃતિ અને ધાર્મિક પરંપરા અનુસાર પોતાના સ્વજનોના આત્માના કલ્યાણ માટે પીપળે પાણી રેડવા ત્રણ દિવસ કાર્યક્રમો થશે. આ ઉપરાંત જૂનાગઢ ખાતે આવેલા સુપ્રસિધ્ધ દામોદર કુંડ કે જે પિતૃઓના મોક્ષ માટે વિધીવિધાન કરવા માટેનું શ્રેષ્ઠ સ્થળ ગણાઈ છે અને ભાવિકોના હૃદયમાં પણ દામોદર કુંડ પ્રત્યે અનેરી લાગણી છે ત્યારે દામોદર કુંડની પાવનકારી જગ્યા ખાતે કાયમને માટે ભાવિકોનો પ્રવાહ રહેતો હોય છે અને દામોદર કુંડ ખાતે ઉપસ્થિત વિદ્વાન બ્રહ્મદેવો દ્વારા વિધીવિધાન કરવામાં આવે છે. દરમ્યાન આવતીકાલથી ત્રણ દિવસ સુધી આરાવાર યોજાશે એટલે કે આવતીકાલ બુધવાર, ગુરૂવાર અને શુક્રવાર ત્રણ દિવસ સુધી ભાવિકોનો પ્રવાહ દામોદર કુંડ ખાતે ઉમટી પડશે અને પિતૃતર્પણ વિધીના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી અને ભાવપુર્વક પિતૃતર્પણ વિધી કરશે. આ ઉપરાંત ધાર્મિક સ્થળોએ આવેલા પીપળાના વૃક્ષને પાણી રેડી અને પિતૃઓની તૃશા મિટાવશે અને તેઓના આર્શિવાદ પ્રાપ્ત કરશે.

ગિરનાર મંડળના અધ્યક્ષ પૂ.ઈન્દ્રભારતી બાપુને ગાંજા, ચરસના વ્યસની બતાવતા શિષ્યોમાં રોષ : આવેદનપત્ર અપાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૧૨

જૂનાગઢના રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમના મહંત અને ગિરનાર મંડળના અધ્યક્ષને ગાંજા, ચરસના વ્યસની બતાવતા શિષ્યોમાં ભારે રોષ ફેલાયો છે. આ મામલે જીલ્લા કલેકટરને આવેદન આપી સોશ્યલમિડિયામાં પોસ્ટ, વિડીયો કલીપ મુકનાર સામે કડક પગલા લેવાની માંગ કરાઈ છે. આ અંગે મળતી વિગત તાજેતરમાં સાળંગપુરમાં હનુમાનજીના ચિત્રોને લઈને ભારે વિવાદ થયો હતો. ત્યારે ઈન્દ્રભારતી બાપુએ તીખી પ્રતિક્રિયા આપી હતી. બાદમાં અનેક લોકોએ વાણી વિલાસ શરૂ કર્યો હતો. તે મુજબ પ્રકાશ કે. પીઠડીયા નામના શખ્સે સોશ્યલ મિડીયામાં પોતાના ૯૪૨૯૨૧૧૯૫૩ નંબર ઉપરથી વિડીયો અપલોડ કર્યો છે. આ વિડીયોમાં ઈન્દ્રભારતી બાપુને ગાંજો, ચરસ પીતા હોય તેવા વ્યસનવાળા બતાવી બેફામ વાણી વિલાસ કર્યો છે. આ રીતે તેમણે ઈન્દ્રભારતી બાપુની પ્રતિષ્ઠાને હાની પહોંચાડી છે. આ વિડીયોના કારણે ઈન્દ્રભારતી બાપુના સેંકડો સેવકોની લાગણી દુભાઈ છે. આ શખ્સે સનાતન ધર્મ વિશે ઘસાતું બોલવાની સાથે ઈન્દ્રભારતી બાપુની બદનક્ષી થાય તેવા વિડીયોમાં ઉચ્ચારણ કરી તેને વ્યાપકપણે સોશ્યલ મિડીયામાં વાઈરલ કરેલ છે. ત્યારે આ પ્રકારના ગુસ્તાખીથી બાપુના સેવકોમાં ભારે રોષ ફેલાયો છે. સનાતન ધર્મ અને સનાતની સાધુઓ વિશે એલફેલ બોલી બેફામ વાણી વિલાસ કરી પ્રકાશ કે. પીઠડીયાએ ગુનાહિત કૃત્ય કર્યુ છે. ત્યારે અરવિંદ સોલંકી, લખન ઓડેદરા સહિત ૨૦થી વધુ શિષ્યો-સેવકોએ જીલ્લા કલેટકરને આવેદન પાઠવી પ્રકાશ પીઠડીયા સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

પર્યુષણ પર્વનો આજથી પ્રારંભ : જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આવેલા ઉપાશ્રયોમાં જપ, તપ, વ્યાખ્યાન, પ્રતિક્રમણ સહિતના કાર્યક્રમો

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢતા.૧૨

આત્માને શુધ્ધ કરવાનો અવસર એટલે પર્વાધિરાજ પર્યુષણ પર્વનો આજથી પ્રારંભ થયો છે. ત્યારે જૂનાગઢસહિત સૌરાષ્ટ્રભરમાં પર્યુષણ પર્વ પ્રસંગે સતત સાત દિવસ સુધી એટલે કે તા.૧૯મી સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. અત્રે નોંધનીય છે કે, ભવનાથ તળેટી ખાતે આવેલા રાષ્ટ્રસંત નમ્રમુની મહારાજ સાહેબ પારસધામ ખાતે ચાર્તુમાસમાં બિરાજમાન છે અને ગુરૂવર્યની નિશ્રામાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આજથી શરૂ થયેલા પર્યુષણ પર્વ નિમિતે આત્મ સાધનાના સાત પગથીયા કે જેમાં વર્ષ દરમ્યાન જે કર્મ બંધાઈ ગયા હોય તેને યાદ કરી સંતો, સાધ્વીજીઓ અને ગુરૂ ભગવંતો પાસે પાર્યશ્ચિત કરી તપ અને ત્યાગ કરી કર્મો ખપાવવામાં આવે છે. ઉપરાંત આ પર્યુષણ પર્વ દરમ્યાન ઉપાશ્રયોમાં અનેકવિધ કાર્યક્રમોનું પણ આયોજન સમગ્ર સૌરાષ્ટ્રમાં થયું છે. જૈન સમાજમાં ભારે ઉત્સાવ પ્રવર્તિ રહ્યો છે અને ભાવિકો પર્યુષણ પર્વ દરમ્યાન યોજાનારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવી રહ્યા છે.

વેરાવળ મર્કન્ટાઈલ બેંકની ૧૨ મી શાખાનો થયેલ પ્રારંભ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૨

સોમનાથ મહાદેવના સાનિધ્યે સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી પ્રવિણભાઈ લહેરી દ્વારા વૈદોકત મંત્રોચ્ચાર સાથે વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંકની ૧૨ મી સોમનાથ શાખાનો આજે સોમવારે શીવાર્પણ કરવામાં આવેલ છે. પ્રભાસ પાટણ ખાતે આવેલ સ્કાય કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, શીવ પોલિસ સ્ટેશન સામેની દુકાનોમાં શરૂ થયેલ શાખાના પ્રારંભે તાલાળાના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, પ્રદેશ ભાજપના સંગઠન મંત્રી ઝવેરીભાઈ ઠકરાર, ગ્રાસીમ ઈન્ડસ્ટ્રીઝ, વેરાવળ યુનિટ હેડ સુશાંત પરીખ, સીની. વાઈસ પ્રેસીડેન્ટ (ફાઈનાન્સ) ગોવર્ધનભાઈ ગુપ્તા, ઓલ ઈન્ડીયા સી ફુડ એકસપોર્ટર એસો.ના પ્રેસીડેન્ટ જગદિશભાઈ ફોફંડી, પૂર્વ વાઈસ પ્રેસીડેન્ટ કેની થોમસ, ખારવા સમાજના અગ્રણી લખમભાઈ ભેંસલા, ડો.વિજયભાઈ ચોટાઈ, ડો.રજનીકાન્ત વૈશ્ય, એડવોકેટ કનુભાઈ જોષી, રમેશભાઈ ચોપડકર, બીપીનભાઈ સંઘવી, વેરાવળ તથા પ્રભાસ પાટણ વિસ્તારના નામાંકિત અને પ્રતિષ્ઠીત ઉદ્યોગપતિઓ, ડોકટરો, એડવોકેટસ, વ્યાપારીઓ, જ્ઞાતિઓના આગેવાનો સહીતના બ્હોળી સંખ્યામાં ઉપસ્થીત રહેલ હતા.

છેલ્લા ૫૨ વર્ષથી બેક્રીંગક્ષેત્રે અવિરત સેવા આપતી અને બહોળો ગ્રાહક વર્ગ ધરાવતી વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપ. બેંકની સોમનાથ શાખાના પ્રારંભે બેંકના ચેરમેન નવીનભાઈ શાહ, વાઈસ ચેરમેન ભાવનાબેન શાહ, ડીરેકટર પ્રદિપકુમાર શાહ, કરશનભાઈ સોલંકી, કેતનભાઈ ચંદ્રાણી, જીતેન્દ્ર કુમાર પારેખ, ડો.કુમુદબેન મહેતા, અરજણભાઈ ચાવડા તેમજ બોર્ડ ઓફ મેનેજમેન્ટ સભ્યો સુરેશભાઈ કંપાણી, જે.બી.મહેતા, ગોપાલભાઈ ભટ્ટાસણા, સી.ઈ.ઓ. અતુલ શાહ સહીતના હાજર રહેલ હતા.

વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંક પારદર્શક વહીવટ, હકારાત્મક અભિગમ, પ્રોફેશનલ મેનેજમેન્ટ અને કર્મચારીઓના ટીમવર્કના સુંદર સમન્વય થકી બેંકના ગ્રાહકો અને સભાસદોનો અતૂટ વિશ્વાસ ધરાવે છે. વ્યાપાર-વ્યવસાયના વિકાસ માટે ધીરાણની વિવિધ યોજનાઓ સહિતની અનેક ગ્રાહકલક્ષી સેવાઓના કારણે બેંક ઉતરોતર પ્રગતિ સાધી રહેલ છે. બેંકની સોમનાથ શાખા શરૂ થતાં આ વિસ્તારના વ્યાપારીઓ તથા વ્યાવસાયીકો તેમના બેક્રીંગ વ્યવહારમાં સરળતા રહેનાર હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

મેંદરડા : પૂજય ઈન્દ્રભારતી મહારાજ વિરૂધ્ધ ટીપ્પણી કરનાર સામે કડક કાર્યવાહી કરવા આવેદનપત્ર અપાયું

(પ્રતિનિધિ દ્વારા)

મેંદરડાતા.૧૨

મેંદરડા તાલુકાનાં પોલીસ સ્ટેશન હેઠળ મહંત જીતેન્દ્રભારતીજી અને તેમના સેવકો દ્વારા તેમના દાદા ગુરૂ ઈન્દ્રભારતીજી મહારાજ વિરૂધ્ધ સોશ્યલ મીડિયાના માધ્યમથી અભદ્ર ટીકા-ટીપ્પણીઓ કરનાર પ્રકાશ પીઠડિયા નામના શખ્સ વિરૂધ્ધ યોગ્ય કાર્યવાહી થવા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. તાજેતરમાં સાળંગપુરમાં હનુમાનજીની ભીંત ચિત્ર સંબંધે સનાતન ધર્મ અને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો વચ્ચે વિવાદ હેઠળ સોશિયલ મીડિયાના માધ્યમથી પ્રકાશ પીઠડિયા નામના શખ્સ દ્વારા અમોના દાદા ગુરૂ ઈન્દ્રભારતીજી બાપુની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે અને આદર્શ વ્યકિતત્વ ગરીમાને લાંછન લગાડે તે પ્રમાણેના ઈરાદાપૂર્વક બદનક્ષીકારક ઉચ્ચારણો કરેલા, તેનાથી અમારી ધાર્મિક લાગણી ઠેસ પહોંચેલ છે, જે વિષય અંતર્ગત મેંદરડા તાલુકાના પોલીસ સ્ટેશન હેઠળ આ આરોપીએ ગુન્હાહિત કૃત્ય કરેલ હોય તેમની સામે કાયદેસરની થવા માટે આવેદનપત્ર આપવામાં આવેલ હતું.

ગીર સોમનાથ જિલ્લામાં યોજાયેલ નેશનલ લોક અદાલતમાં ૭૧૭૮ કેસોનો નિકાલ કરાયો

(રાકેશપરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૨

રાજય કાનુની સેવા સત્તા મંડળ, માર્ગદર્શન હેઠળ ગીર સોમનાથ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા તા.૯ સપ્ટે.ના રોજ જિલ્લાની દરેક કોર્ટમાં નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ હતુ. આ લોક અદાલતમાં કુલ ૧૬૦૧ કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવેલ હતો જે પૈકી મેજીસ્ટેટના સ્પેશ્યલ સીટીંગમાં કુલ ૧૫૬૩, પ્રિ-લીટીગેશનનાં કુલ ૪૦૧૪ મળીને કુલ ૭૧૭૮ કેસોનો લોક અદાલતમાં નિકાલ કરવામાં આવેલ હતો અને લોક અદાલતમાં કુલ રૂ. ૧૧,૧૧,૧૬,૫૬૯/- જેટલી રકમના વિવાદોનું નિરાકરણ લાવવામાં આવ્યું હોવાનું જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના અધ્યક્ષ પી.જી.ગોકાણી તથા સેક્રેટરી કે.જી.પટેલએ એક યાદીમાં જણાવેલ છે.

શ્રાવણ માસ - પવિત્ર મંગળવાર નિમિત્તે શ્રીકષ્ટભંજનદેવ દાદાને કુદરતી સૌંદર્યનો દિવ્ય શણગાર એવં અથાણા-રોટલાનો અન્નકૂટ

સાળંગપુર તા.૧૨

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ એવં શતામૃત મહોત્સવ સાળંગપુરધામ ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવહનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી શ્રાવણ માસ પવિત્ર મંગળવારે તા.૧૨-૦૯-૨૦૨૩ના રોજ શ્રીકષ્ટભંજનદેવને કુદરતી સૌંદર્યનો ભવ્ય શણગાર કરવામાં આવેલ એવં સવારે ૦૫:૩૦ કલાકે મંગળા આરતી તથા ૭:૦૦ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવેલ. તેમજ બપોરે ૧૧:૧૫ કલાકે દાદાને કેરી, ગાજર, લીંબુ, ગુંદા વિગેરે અથાણા તથા રોટલાનો અન્નકૂટ ધરવામાં આવેલ તથા અન્નકૂટ આરતી કોઠારીશ્રી વિવેક્સાગરદાસજીસ્વામી દ્વારા કરવામાં આવેલ.હજારો ભકતોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો તેમજ મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ.

જન્માષ્ટમી શહેર ફલોટ સુશોભન હરીફાઈમાં હાટકેશ યુવક મંડળ પ્રથમ ક્રમે વિજેતા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢમાં જન્માષ્ટમી મહોત્સવ અંતર્ગત હાટકેશ યુવક મંડળ દ્વારા હાટકેશ્વર મહાદેવ મંદિર પાસે વિશાળ પરિસરમાં ફલોટ તૈયાર કરવામાં આવ્યો હતો. ત્રણ ફૂટના ઉજ્જૈન મહાકાલેશ્વરની દિવ્ય પ્રતિકૃતિ, ૧૦ ફૂટ લાંબા અને ૫૦ કિલોથી વધુ વજનના અજગર સાથે અઘાસુર વધ, લોકલ ફોર વોકલ અભિયાન અંતર્ગત ૩૦ ફૂટ લંબાઈમાં ટાંચણી અને ઉનના રેસાઓ સાથેની નયન રંગોળી સેલ્ફી ઝોન સહિતના હજારો લોકોમાં આકર્ષણનું કેન્દ્રર રહ્યું હતું. હરિઓમ ગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત શહેર સુશોભન હરીફાઈમાં હાટકેશ યુવક મંડળે પ્રથમ ક્રમાંક એનાયત કરવામાં આવ્યો હતો. મયારામ આશ્રમ ખાતે ઈનામવિતરણ સમારોહમાં પૂર્વ મેયર અને કોર્પોરેટર આદ્યશક્તિબેન મજમુદારના હસ્તે હાટકેશ યુવક મંડળને ફલોટ સુશોભન હરીફાઈમાં પ્રથમ વિજેતા જાહેર કરી શિલ્ડ પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર એનાયત કરી કામગીરીને બિરદાવવામાં આવી હતી. હાટકેશ યુવકમંડળ દ્વારા રાત્રે મટકીફોડ અને કૃષ્ણઆરતી દ્વારા કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરી હતી.

માણાવદર : વિદ્યાર્થીનું ગળાફાંસો ખાતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢતા.૧૨

માણાવદર તાલુકાના કોયલાણા ઘેડ ગામે રહેતા રોહનભાઈ હરેશભાઈ મગરા(ઉ.વ.૧૫)નો અભ્યાસ કરવામાં મન ન લાગતું હોય જેથી પોતાની મેળે તેઓના ઘરે દોરડા વડે ગળાફાંસો ખાઈ લેતા તેનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે માણાવદર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

કેશોદમાં કારે ટક્કર મારતા બાઈક ઉપર જતા તબીબનું મૃત્યુ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢતા.૧૨

કેશોદના રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર બાઈકચાલક પિતા પુત્રને ફોરવ્હીલ કાર ચાલકે પુરપાટ ઝડપે આવી હડફેટે લેતા આકસ્મિક ઘટનામાં કેશોદમાં આર્યુવેદિક ડોકટરનું સારવાર દરમ્યાન મોત નિપજયું હતું. કેશોદના ડો. ઉમેશભાઈ પ્રભાશંકર ભટ્ટ પોતાના પુત્ર રોહિત ઉમેશભાઈ ભટ્ટ સાથે મોટરસાયકલ લઈને અગતરાય રોડ ઉપર જઈ રહ્યા હતા ત્યારે સોમનાથ હોટલ પાસે રસ્તો ઓળંગવા ઈન્ડીકેટર ચાલું કરી વાળાંક લેતા વેરાવળ તરફથી આવી રહેલી ફોરવ્હીલ કારના ચાલકે ટક્કર મારતા બાઈક ચાલક તબીબ ફંગોળાઈ જતા ઈજાગ્રસ્ત થયા હતા અને પુત્ર પણ ઈજાગ્રસ્ત થયા હતા. ૧૦૮ દ્વારા તાત્કાલીક એમ્બ્યુલન્સ સેવા મારફતે કેશોદ સબ ડિસ્ટ્રીકટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારે ગંભીર ઈજાગ્રસ્ત તબીબનો જૂનાગઢ રીફર કરવામાં આવતા માર્ગમાં મોત નિપજયું હતું. કેશોદ શહેરમાં વિવિધ સામાજીક સંસ્થાઓ અને સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલા તબીબનું આકસ્મિક ઘટનામાં મોત નીપજતા અરેરાટી વ્યાપી ગઈ હતી.

પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન
વાર્ષિક મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ
ડિવિઝનલ ઓફિસ, ભાવનગર પરા. નં. DRM/EL/ET/BVP/2023-24/07 તારીખ 05.09.2023 વિષય: ઈ-ટેન્ડર નં. BVP-EL-P-20-2023-24-R-1 ટેન્ડરની વિગતો નીચે પ્રમાણે છે : ક્ર. નં. 01 ઈ-ટેન્ડર નં. : BVP-EL-P-20-2023-24-R-1 [illegible] 2.0 [illegible] ટેન્ડરનું મૂલ્ય (₹): 46,44,4[illegible] ઈએમડી (₹): 93,[illegible] બિડિંગ શરૂ થવાની તારીખ: 14.09.2023 બિડિંગ બંધ થવાની તારીખ: 28.09.2023 [illegible] www.ireps.gov.in [illegible] તા. 05.09.2023 [illegible] 79
અમને લાઈક કરો: facebook.com/WesternRly

MILLETS ગુજરાત સરકાર LiFE Lifestyle for Environment

NeVA

One Nation One Application

ગુજરાત વિધાનસભામાં
વન નેશન, વન એપ્લિકેશનનો હેતુ સાકાર કરતી
નેશનલ ઇ-વિધાન એપ્લિકેશન (નેવા) પ્રોજેક્ટ
અંતર્ગત ડિજિટલ હાઉસનું

ભારતના માનનીય રાષ્ટ્રપતિ
શ્રીમતી દ્રૌપદી મુર્મૂજીના

વરદ્‌હસ્તે ઉદ્‌ઘાટન સમારોહ

તારીખઃ ૧૩/૦૯/૨૦૨૩, સમયઃ સવારે ૧૦ વાગે,
સ્થળઃ ગુજરાત વિધાનસભાગૃહ, ગાંધીનગર.



વિધાનસભાના કામકાજ સંબંધી
તમામ કાગળો ડિજિટલ માધ્યમમાં
રજૂ થવાથી દર વર્ષે આશરે
૨૫ ટન જેટલા કાગળોના
બચાવની સાથે
પર્યાવરણનું થશે જતન

નેશનલ ઇ-વિધાન એપ્લિકેશન (નેવા) લોક પ્રતિનિધિઓને પ્રજાજનો સાથે એક "ડિજિટલ બ્રીજ" તરીકે જોડવાનું કામ કરશે

નેશનલ ઇ-વિધાન એપ્લિકેશન (નેવા)માં ડિજિટલ હાઉસ ડિસ્પ્લે પેનલ પર ગૃહમાં હાલ ચાલુ કામકાજની માહિતી ઉપલબ્ધ થતાં નેવા "જીવંત વિધાનસભા ગૃહ- જીવંત લોકશાહી"ની વિભાવનાને કરશે ઉજાગર

નેવા સહિત અલગ-અલગ વિષયોની સભ્યશ્રીઓને તાલીમ મળી રહે તે માટે ગુજરાત વિધાનસભામાં કાયમી નેવા સેવા કેન્દ્ર તૈયાર

વિધાનસભા ગૃહમાં નેવાના માધ્યમથી રજૂ થયેલ તમામ કામકાજ નેવાના પોર્ટલ વેબસાઇટ પર ઉપલબ્ધ થતાં પ્રજાજનો તથા પત્રકારમિત્રોને ઉપયોગી થશે

> "ગુજરાતના આંગણે યોજાનાર વિધાનસભાના આ ઐતિહાસિક પર્વમાં ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂજીનું ભાવભીનું સ્વાગત છે."

- **શ્રી શંકરભાઈ ચૌધરી**
અધ્યક્ષ, ગુજરાત વિધાનસભા

વિઠ્ઠલભાઈ પટેલ ભવન
ગુજરાત વિધાનસભા